અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૮ નવેમ્બર ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૩ | અંક : ૧૩૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**ડીજી CRPF મણિપુર જવા રવાના** | મણિપુર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષા દળો અને પોલીસ નવી રણનીતિ બનાવી રહ્યા છે

## મણિપુર ફરી સળગ્યું, સ્થિતિ વણસતાં કેન્દ્ર સરકાર એક્શનમાં

| (એજન્સી) મણિપુર, તા.૧૭ |

મણિપુરમાં હિંસા ફાટી નીકળતાં અને સ્થિતિ ફરી એકવાર કાબૂ બહાર થઈ જતાં કેન્દ્ર સરકાર એક્શનમાં આવી ગઈ છે. હાલની સ્થિતિને જોતા DG CRPF અનિશ દયાલ મણિપુર જવા રવાના થઈ ગયા છે. તે ત્યાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરશે. બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહારાષ્ટ્રમાં પોતાની તમામ રેલીઓ રદ કરી દીધી છે. તેઓ નાગપુરથી દિલ્હી પરત ફર્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષા દળો અને રાજ્ય પોલીસ નવી રણનીતિ બનાવી રહી છે. મણિપુરના કેટલાક વિસ્તારોમાં જ્યાં કર્ફ્યુમાં રાહત આપવામાં આવી હતી. ત્યાં ફરી કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. કેટલાક વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. ફરી એકવાર મણિપુરના કેટલાક વિસ્તારોમાં સતત તણાવના અહેવાલો સામે આવી રહ્યા છે. બિષ્ણુપુર, ઈમ્ફાલ, જીરીબીમ વિસ્તારોમાં વધુ તણાવ છે. આવી



સ્થિતિમાં અહીં પણ ફરી કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. નોંધનીય છે કે, મણિપુરમાં તાજેતરની હિંસા એ પછી શરૂ થઈ હતી, જ્યારે જિરીબામમાં ગયા મંગળવારે અપહરણ કરાયેલી એક જ પરિવારની ત્રણ મહિલાઓ અને ત્રણ બાળકોના મૃતદેહ શનિવારે આસામ-મણિપુર બોર્ડર પરથી મળી આવ્યા હતા. આરોપ છે કે કુકીના આતંકીઓએ તેમનું અપહરણ કર્યું હતું. આ ક્રૂર હત્યાકાંડ બાદ ગુસ્સે ભરાયેલા મેઈતેઈ લોકો રસ્તા પર ઉતરી આવ્યા છે અને સતત હિંસક વિરોધ કરી રહ્યા છે. શનિવારે (ટોળાએ રાજ્યના ત્રણ મંત્રીઓ અને છ ધારાસભ્યોના ઘરોને ઘેરી લીધા અને તોડફોડ કરી. મંત્રીઓના ઘર પર હુમલા બાદ ગુસ્સે ભરાયેલા મેઈતેઈ ટોળાએ મણિપુરના સીએમના ઘર પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. મણિપુરમાં નાગરિક સમાજ જૂથોએ રાજ્ય સરકારને ૨૪ કલાકનું અલ્ટીમેટમ જાહેર કર્યું છે, જેમાં સશસ્ત્ર આતંકવાદી જૂથો સામે નિર્ણાયક કાર્યવાહીની માંગણી કરવામાં આવી છે. મણિપુર અખંડિતતા સંકલન સમિતિના પ્રવક્તા ખુરૈઝામ અથૌબાએ જણાવ્યું હતું કે, "રાજ્યોના તમામ પ્રતિનિધિઓ અને તમામ ધારાસભ્યોએ સાથે બેસીને આ સંકટને વહેલી તકે ઉકેલવા માટે કેટલાક નિર્ણાયક પગલાં લેવા જોઈએ." "જો તેઓ મણિપુરના લોકોના સંતોષ માટે કોઈ નિર્ણય નહીં લે, તો તેમને લોકોના અસંતોષનો ભોગ બનવું પડશે. અમે ભારત સરકાર અને મણિપુર સરકારને કેટલાક નિર્ણાયક પગલાં લેવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો છે અને તમામ સશસ્ત્ર જૂથો સામે લશ્કરી કાર્યવાહીનું અલ્ટીમેટમ આપ્યું છે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિલ્મ "ધ સાબરમતી રિપોર્ટ"ના કર્યા વખાણ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

હાલમાં રિલીઝ થયેલી વિક્રાંત મેસીની "ફિલ્મ ધ સાબરમતી રિપોર્ટ" એ એક વાર ફરી ગોધરા કાંડની ઘટનાને ચર્ચામાં લાવી દીધી છે. ફિલ્મ ગોધરા કાંડમાં સાબરમતી એક્સપ્રેસમાં થયેલી આગચંપી અને તેમાં માર્યા ગયેલા નિર્દોષ લોકોની દર્દનાક કહાનીને દેખાડવામાં આવી છે. ફિલ્મની રિલીઝ પહેલા જ તેના સંવેદનશીલ મુદ્દાને કારણે ઘણી ચર્ચામાં રહી હતી. હવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ફિલ્મ પર પ્રતિક્રિયા આપી છે, તેમનું ટ્વિટ જોરદાર વાયરલ થઈ રહ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ એક ટ્વિટના જવાબમાં લખ્યું કે, સારું છે કે આ હકીકત લોકોની સામે આવી રહી છે અને તે પણ એ રીતે કે સામાન્ય લોકો તેને જોઈ શકે. એક બોગસ નેરેટિવ લાંબા સમય સુધી ટકી શકતી નથી. અંતમાં, સચ્ચાઈ હંમેશાં સામે આવી છે. પીએમ મોદીએ આ ટ્વીટ બાદ સોશિયલ મીડિયા પર લોકો જોરદાર પ્રતિક્રિયા આપવા લાગ્યા છે.

### દિલ્હીમાં આમ આદમી પાર્ટીને લાગ્યો મોટો ઝટકો

## પરિવહન મંત્રી કૈલાશ ગેહલોતે પાર્ટી અને મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ |

દિલ્હીમાં આમ આદમી પાર્ટીને મોટો ઝટકો લાગ્યો છે. દિલ્હી સરકારમાં પરિવહન મંત્રી કૈલાશ ગેહલોતે પાર્ટી અને મંત્રી પદ પરથી રાજીનામું આપી દિધુ છે. AAPમાંથી રાજીનામું આપીને તેમણે રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલને પત્ર લખ્યો છે. કૈલાશ ગેહલોતે પત્રમાં લખ્યું છે કે, "શીશમહેલ જેવા ઘણા શરમજનક અને વિચિત્ર વિવાદો છે, જે હવે દરેકને શંકામાં મૂકે છે કે શું આપણે હજી પણ આમ આદમી હોવામાં વિશ્વાસ કરીએ છીએ ? હવે સ્પષ્ટ થઈ ગયું છે કે દિલ્હી સરકાર તેનો મોટાભાગનો સમય કેન્દ્ર સામે લડવામાં સમય પસાર કરે છે, તો દિલ્હી માટે કોઈ વાસ્તવિક પ્રગતિ થઈ શકે નહીં.

### ફ્લેશ બોમ્બ ફેંકવામાં આવ્યા

## ઈઝરાયેલના PM નેતન્યાહૂના ઘર પર એક મહિનામાં બીજો હુમલો

| (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૭ |

ઈઝરાયેલના પીએમ બેન્જામીન નેતન્યાહૂએ જે પ્રકારે ગાઝા, લેબનોનમાં કહેર વર્તાવ્યો છે ત્યારબાદ ઈઝરાયેલના દુશ્મનો બરાબર ધૂંધવાયા છે. નેતન્યાહૂ જોડે કોઈ પણ કિંમતે બદલો લેવા માંગે છે. ઈઝરાયેલ ટાઈમ્સના રિપોર્ટ મુજબ નેતન્યાહૂને નુકસાન પહોંચાડવા માટે ઉત્તરી ઈઝરાયેલના શહેર કૈસરિયામાં ઈઝરાયેલી પીએમ બેન્જામીન નેતન્યાહૂના ઘર પર બે ફ્લેશ બોમ્બ છોડવામાં આવ્યા. જે બગીચામાં પડ્યા. તેની જાણકારી પોલીસે શનિવારે આપી. એક નિવેદનમાં કહેવાયું કે પીએમ નેતન્યાહૂ કે તેમના પરિવારમાંથી કોઈ હુમલા સમયે ત્યાં હાજર નહતા અને કોઈ નુકસાનના સમાચાર નથી.

### મહારાષ્ટ્રની ચૂંટણી વચ્ચે એકનાથ શિંદેનું મોટું નિવેદન

## હું મુખ્યમંત્રી પદની રેસમાં નથી પરંતુ સીએમ મહાયુતિના જ હશે

| (એજન્સી) મુંબઈ, તા.૧૭ |

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મુખ્યમંત્રી પદને લઈને મોટું નિવેદન આપ્યું છે. મહાયુતિની સરકાર બનશે તો મુખ્યમંત્રી કોણ બનશે? આ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, 'હું મુખ્યમંત્રી પદની રેસમાં નથી. પરંતુ એ પણ નિશ્ચિત છે કે સીએમ મહાયુતિના જ હશે.' શિંદેએ અજિત પવારને લઈને પણ મોટું નિવેદન આપ્યું છે. અજિત પવાર અંગે શિંદેએ કહ્યું કે તેઓ મહાયુતિ ગઠબંધનમાં નબળી કડી સાબિત થશે નહીં. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક જાહેર સભામાં રાહુલ ગાંધીને ચેલેન્જ કરતા કહ્યું હતું કે તેઓ બાલાસાહેબ ઠાકરેને હિન્દુ હૃદય સમ્રાટ કહે. આ જ બાબત પર સીએમ એકનાથ શિંદેએ કહ્યું હતું કે રાહુલ ગાંધી બાલા સાહેબ ઠાકરેને હિન્દુ હૃદય સમ્રાટ કહીને બતાવો.



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે

"મફત પરિવહન સુવિધા"



સમગ્ર શિક્ષા અંતર્ગત રાજ્યની ધોરણ-૧ થી ૮ની સરકારી પ્રાથમિક અને ધોરણ-૯ થી ૧૨ની સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે મફત પરિવહન સુવિધા ઉપલબ્ધ છે...

• મફત પરિવહન સુવિધા મેળવવાની પાત્રતા

(૧) ધોરણ-૧ થી ૫ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૧-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(૨) ધોરણ-૬ થી ૮ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૩-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(૩) ધોરણ-૯ થી ૧૨ની સરકારી અને અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૫-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.

નોટ - મફત પરિવહન સુવિધાની માહિતી માટે નજીકની શાળાનો સંપર્ક કરવો
પરિવહન સંબંધિત મુશ્કેલી માટે transportspo@ssguj.in પર ઈ-મેઈલ અથવા મો-૭૫૭૪૮૦૦૭૪૦ પર સંપર્ક કરવો.



રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ઉત્તર અને મધ્ય ભારતના વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરાઈ.

### સાબરમતીમાં દારૂનું કટિંગ થઇ રહ્યું હતું ત્યારે પોલીસ ત્રાટકી

# સ્ટેટ મોનિટરિંગ સેલનો સપાટો, અમદાવાદમાં ૩ સ્થળે દરોડા

## સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે અમદાવાદમાં ત્રણ સ્થળે દરોડા પાડીને મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી લીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે અમદાવાદમાં ત્રણ સ્થળે દરોડા પાડીને મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપી લીધો છે.

હવે બૂટલેગરો ટ્રેનમાં દારૂ લાવી રહ્યા હોવાનો પોલીસે પર્દાફાશ કર્યો છે. જ્યારે ધૂમ સ્ટાઈલમાં દારૂ ભરેલી ઈકો કારનો પીછો કરીને દારૂ ઝડપી લેવામાં આવ્યો છે. સાબરમતીમાંથી દારૂનો જથ્થો ઝડપાયો : સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે, સાબરમતીમાં દારૂનું કટિંગ થઈ રહ્યું છે. ટીમે રેડ કરતા દારૂની પેટીનું કટિંગ (વિતરણ) થઈ રહ્યું હતું. પોલીસને જોતાની સાથે જ બૂટલેગરોમાં દોડાદોડી થઈ ગઈ હતી. કેટલાક લોકો ભાગવામાં સફળ થઈ ગયા હતા. મોનિટરિંગ સેલની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે દારૂનો જથ્થો મગાવનાર મહેન્દ્ર ઉર્ફે મેંદુ જાડેજા ફરાર થઈ ગયો હતો. પોલીસે બે વાહન સાથે દારૂની ૭૩૩ બોટલ જપ્ત કરી હતી. વાહનચાલકો દારૂનો જથ્થો લેવા આવ્યા હતા. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ૩.૬૫ લાખનો દારૂનો જથ્થો ઝડપી ૮૦ હજારના બે વાહન જપ્ત કર્યા હતા. મહેન્દ્ર ઉર્ફે મેંદુ દારૂનું કટિંગ કરી રહ્યો હતો ત્યારે SMC ત્રાટકી હતી અને દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. SMCએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.હવે રાજસ્થાનથી દેશી દારૂ ટ્રેનમાં અમદાવાદ મોકલાઈ રહ્યો છે : ટ્રેનમાં પણ દારૂ, ડ્રગ્સ તેમજ ગેરકાયદે ચીજવસ્તુઓની હેરફેર થતા હોવાના અનેક કિસ્સા નોંધાયા છે. સ્ટેટ મોનિટરિંગ સેલને બાતમી મળી હતી કે, ઉદેપુરથી અમદાવાદ આવી રહેલી ટ્રેનમાં દેશી દારૂનો જથ્થો લઈને કેટલાક લોકો આવી રહ્યા છે. મોનિટરિંગ સેલની ટીમ અસારવા રેલવે સ્ટેશન પહોંચી ગઈ હતી અને ઉદેપુરથી આવેલી ટ્રેન ચેક કરી હતી.

ટ્રેનમાંથી પોલીસે ૭૭૦ લીટર દેશી દારૂ ઝડપી લીધો હતો. પોલીસે સાબરકાંઠાના તલોદમાં રહેતા આકાશ દેવીપૂજક, શહેરકોટડામાં રહેતા શાહરૂખ ઘાંચી અને સાજીદ અંસારીની ધરપકડ કરી હતી. ત્રણેયની પૂછપરછમાં જણાયું હતું કે, દારૂનો જથ્થો તલોદના આંબાવાડી ગામમાં રહેતા પીન્ટુ ઠાકોરે મોકલ્યો છે. શહેરકોટડાના શોહેલે દારૂ મગાવ્યો હતો. આમીર અને રવિ દારૂ લેવા આવવાના હતા.

### PMJAY સહિતના અનેક વિભાગો પાસે માહિતી મંગાવાઈ

# એન્જિયોપ્લાસ્ટીના દોઢ લાખ રૂપિયામાંથી ડો. વજીરાણીને ૧૫ હજાર ચૂકવાતા હતા

## ડો.પ્રશાંત વજીરાણીને સાથે રાખીને પોલીસે હોસ્પિટલના માલિક, ડિરેક્ટર, ડોક્ટરો અને અલગ અલગ વિભાગની તપાસ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

શહેરના એસજી હાઈવે પર આવેલી ખ્યાતિ હોસ્પિટલમાં ખોટી રીતે સર્જરી કરીને બે દર્દીને મોતને ઘાટ ઉતારવા મામલે પોલીસે તપાસ તેજ કરી છે. આ કેસના આરોપી ડો.પ્રશાંત વજીરાણીની ધરપકડ બાદ શુક્રવારે તેને સાથે રાખીને પોલીસે હોસ્પિટલ ખાતે તપાસ હાથ ધરી હતી. હોસ્પિટલના માલિક, ડિરેક્ટર, ડોક્ટરો, એડમિનિસ્ટ્રેશન અને એચ.આર સ્ટાફમાં કોણ કોણ છે તેની તપાસ કરાઈ હતી.

જોકે, માલિકો અને સ્ટાફ સહિતના લોકો હોસ્પિટલ ખુલ્લી મૂકીને જ ભાગી ગયા હોવાથી પોલીસને કાંઈ હાથ લાગ્યું નથી. તો બીજી બાજુ પોલીસે ફરાર આરોપીઓના ઘરે પણ સર્ચ કરતા આરોપી ડોક્ટરો, ડાયરેક્ટર, CEO સહિતના લોકો પરિવાર સાથે જ ભાગી ગયા હોવાનું સામે આવ્યું છે. બીજી બાજુ આ ફરાર આરોપીઓને શોધવા ક્રાઈમ બ્રાંચ અને ઝોન-૧ LCBની ટીમો કામે લાગી છે. આ કેસની તપાસમાં પહેલા આરોપી ડોક્ટરને એક ઓપરેશનના ૧૫૦૦ રૂપિયા મળતા હોવાનું સામે આવ્યું હતું. જોકે, પોલીસે આ મામલે ઉંડાણપૂર્વક પૂછપરછ કરતા હોસ્પિટલને એન્જિયોગ્રાફીના ચાર હજાર મળતા હતા અને એન્જિયોગ્રાફી કરનાર ડોક્ટરને ૮૦૦ રૂપિયા અપાતા હોવાનું સામે આવ્યું છે. જ્યારે એન્જિયોપ્લાસ્ટીના એકથી દોઢ લાખ વસૂલીને ડોક્ટરને ૧૫ હજાર રૂપિયા અપાતા હોવાનો ખુલાસો થયો છે. સાથે જ પોલીસે હવે આ કેસમાં ફેમિલી એન્ડ વેલ્ફેર પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ પાસેથી કાર્ડિયોલોજીસ્ટ ડોક્ટરની ટીમની મદદ માગી છે. આ કેસમાં દર્દીઓની ફાઈલ અને ઓપરેશનની સીડીની વિસંગતતા બાબતે તપાસ માટે આ ટીમની મદદ લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ડો.પ્રશાંત વજીરાણીની પૂછપરછ કરતા તેણે કબૂલાત કરી કે, તેણે કેટલાક સમય પહેલા કામ બંધ કરી દીધું હતું, પરંતુ દોઢેક માસથી તેણે આવવાનું શરૂ કર્યું હતું. ડો. પ્રશાંત વજીરાણી પોલીસ કસ્ટડીમાં છે ત્યારે સ્વાભાવિક રીતે તેને લોકઅપમાં રહેવું પડતું હોવાથી અનેક પ્રકારના નાટકો કરી રહ્યો છે.

પહેલા તો આરોપીએ જમવાનો પણ ઈનકાર કર્યો હતો, પરંતુ હવે પોલીસ પાસે દાળ ભાત મગાવી રહ્યો છે. હોસ્પિટલના ડિરેક્ટર, CEO, હોદ્દેદારો કોણ છે અને અહીં કયા વિભાગમાં કોણ કામ કરે છે તેની વિગત મેળવવા પોલીસે આરોપીને સાથે રાખીને તપાસ કરી, પરંતુ તમામ લોકો હોસ્પિટલ ખુલ્લી મૂકીને ભાગી ગયા છે. સાથે જ આ કેમ્પનું આયોજન કોણે કર્યું અને તેમાં કોણ ગયુ હતું તેની પણ તપાસ હાથ ધરાઈ છે. હોસ્પિટલના કન્સલટન્ટ ફેકલ્ટીની પણ તપાસ કરાશે.

## પિતાના આપઘાત માટે જવાબદાર માતા સામે પુત્રે એફઆઈઆર નોંધાવી

। અમદાવાદ, તા.૧૭ ।

એક અત્યંત વિચિત્ર મામલો હાઈકોર્ટ સમક્ષ આવ્યો હતો. જેમાં પિતાના આપઘાતના કેસમાં પુત્રએ માતા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં માતાએ હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન કરીને એફઆઈઆર રદ કરવાની દાદ માંગી હતી.

જે રિટની લંબાણપૂર્વકની સુનાવણી હાઈકોર્ટ સમક્ષ થઈ હતી અને એ દરમિયાન ફરિયાદી પુત્રએ હાઈકોર્ટ સમક્ષ એક સોગંદનામું કર્યુ હતું અને જણાવ્યું હતું કે સમાજના વડા અને કુટુંબના સભ્યો-મિત્રોના હસ્તક્ષેપથી આ વિવાદમાં સમાધાન થઈ ગયો છે. તકરારનો બિનશરતી રીતે નિકાલ થયો છે.

તેથી જો માતા સામેની ફરિયાદ અને એ અનુસંધાને હાથ ધરાયેલી કાર્યવાહી રદ થાય તો તેને કોઈ વાંધો નથી. તેથી હાઈકોર્ટના જસ્ટિસ એ.વાય. કોગજે આદેશમાં નોંધ્યું હતું કે,'આ કેસમાં જો કાનૂની કાર્યવાહી ચાલુ રાખવામાં આવે તો એ નિરર્થક થઈ જશે. પુત્રએ માતાના સમર્થનમાં સોગંદનામું કર્યુ છે. તેથી અરજી ગ્રાહ્ય રાખી કાનૂની કાર્યવાહી રદ કરવામાં આવે છે.'

### આરોપીએ મકાનનાં ધાબા પરથી ઘરમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો હતો

# ૭૫ વર્ષીય વૃદ્ધાની હત્યા, લૂંટ કેસનો આરોપી ડોગની મદદથી ઝડપાયો

## મૃતક નર્મદાબેન અમદાવાદથી વતન આવ્યા ત્યારે એકલા હોવાનું આરોપી જાણતો હોવાથી તેમના ઘરમાં લૂંટનું ષડયંત્ર રચ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

માંડલમાં વૃદ્ધાની હત્યા કરીને કાન કાપીને દાગીના લૂંટી લેનાર આરોપીને માંડલ પોલીસે સ્નીફર ડોગની મદદથી ઝડપી લીધો છે. પેની નામના ડોગે ઘટનાસ્થળથી આરોપી ભાગ્યો તે રૂટને ટ્રેક કર્યો હતો. પોલીસે તે દિશામાં તપાસ કરતા પોલીસે અનેક શકમંદોની અટકાયત કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન એક આરોપીએ ગુનાની કબૂલાત કરી હતી. આરોપી પણ તે જ ગામનો રહેવાસી હોવાનું ખૂલ્યું હતું. પકડાયેલા આરોપીએ અગાઉ વૃદ્ધાના ઘરે કડિયાકામ કર્યુ હતું. આરોપી નશાની લત ધરાવતો હોવાથી ખર્ચા માટે વૃદ્ધ મહિલાની હત્યા કરી લૂંટ ચલાવી હતી. માંડલ પોલીસે લૂંટનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. માંડલના રખિયાણા ગામમાં રહેતા ૭૫ વર્ષીય નર્મદાબેન ઉર્ફે નબુબેન ચંદુભાઈ પટેલ ગત તા.૧૨ની બપોરે તે ઘરે એકલા હતા ત્યારે અજાણ્યો શખ્સ ઘરમાં ઘૂસી ગયો હતો. તેણે નર્મદાબેનની હત્યા કરી કાનની બુટ કાપીને કાન તથા ગળામાંથી ૧.૨૦ લાખના દાગીનાની લૂંટ કરી હતી. માંડલ પોલીસે ડોગ સ્ક્વોડની મદદ લીધી હતી. આ મામલે ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકે જણાવ્યું કે આ કેસનો ભેદ ઉકેલવા માટે ડોગ પેનીની મદદ લેવાઈ હતી. તેણે રૂટ ટ્રેક કર્યા બાદ માંડલ પોલીસની ટીમો કામે લાગી હતી. જેમાં કેટલાક શકમંદોની અટકાયત બાદ આરોપી રમેશ ઠાકોરની ધરપકડ કરાઈ છે. આરોપી રમેશ પણ માંડલના રખિયાણા ગામનો રહેવાસી છે અને કડિયા કામ કરે છે. થોડા સમય પહેલા આરોપીએ મૃતક વૃદ્ધ મહિલાના ઘરે કડિયાકામ કર્યુ હતું. આરોપીને જુગાર રમવાની અને દારૂ પીવાની કુટેવ હોવાથી તથા નશો કરવા પૈસાની જરૂર હોવાથી તેણે આ ગુનાને અંજામ આપ્યો હતો. મૃતક નર્મદાબેન અમદાવાદથી વતન આવ્યા ત્યારે એકલા હોવાનું આરોપી જાણતો હોવાથી તેમના ઘરમાં લૂંટનું ષડયંત્ર રચ્યું હતું.

### મોડાસાના ગળાદર નજીક પુલ પરથી કાર ૩૫ ફૂટ નીચે પટકાઈ

# શામળાજી દર્શન કરીને પરત ફરતા કપડવંજના દંતાલી ગામના ૫નાં મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર મોડાસાના ગળાદર નજીક નેશનલ હાઈવેના પુલ પરથી કાર ૩૫ ફૂટ નીચે પટકાતાં કારમાં બેઠેલા શામળાજીથી દર્શન કરીને પરત જતા કપડવંજ તાલુકાના દંતાલી ગામના ચાર જણાનું ઘટનાસ્થળે અને એકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના દંતાલી ગામના એક પરિવાર સહિત ચાર જણા ભાડાની કારમાં શામળાજી મંદિરે દર્શન કરવા આવ્યા હતા. કાર ચાલક પણ તેમના ગામના જ હતા. તેઓ શામળાજી મંદિરે દર્શન કરીને શુક્રવારે બપોરે ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર મોડાસાના ગળાદર નજીક અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં નેશનલ હાઈવેના પુલ પરથી કાર લગભગ ૩૫ ફૂટ નીચે પટકાઈ હતી. કારચાલક સહિત તેમાં બેઠેલા પાંચ જણાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે પૈકી ચાર જણા ઘટનાસ્થળે જ મોતને ભેટ્યાં હતાં. જ્યારે એકનું સારવાર દરમિયાન મોત થયું હતું. મૃતકોમાં એક મહિલા, બે પુરુષ અને બે બાળકોનો સમાવેશ થાય છે. ટિંટોઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહો પોસ્ટમોર્ટમ માટે શામળાજી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટના અંગે ટિંટોઈ પોલીસે ગુનો દાખલ કરી વિસ્તૃત તપાસ સહિતની કામગીરી હાથ ધરી હતી. મોડાસા પાસે થયેલા આ અકસ્માતમાં મોતને ભેટેલા વ્યક્તિઓ કપડવંજ તાલુકાના દંતાલી ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. શામળાજી દર્શન કરીને પરત ફરતાં મોડાસા પાસે કાર પુલ ઉપરથી નીચે ખાબકતાં બે માસૂમ બાળકો સહિત પાંચ લોકોનાં મોત નિપજ્યાં હતાં.

# ઓઢવમાં ઢોર પકડ ટીમ સાથેનાં PSIને પશુપાલકે લાફો ઝીક્યો

## આ અંગે સેનિટરી ઇન્સ્પેક્ટરે ચાર શખ્સો સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

શહેરમાં રખડતાં ઢોરની સમસ્યા ફરી માથુ ઉચકી રહી હોવાનાં અહેવાલોને પગલે મ્યુનિ. સીએનસીડી ખાતાની ટીમોએ ફરી ઢોર પકડ ઝુંબેશ આદરતાં જ પશુપાલકો સાથે ઘર્ષણ થવાનુ શરૂ થઈ ગયુ છે અને તેમાંય ઓઢવમાં તો ઢોર પકડ ટીમ સાથેનાં પીએસઆઈને એક પશુપાલકે લાફો મારી દેતાં ભારે અફરાતફરી મચી જવા પામી હતી, આ મામલાને ગંભીરતાથી લઈ પોલીસે બે પશુપાલકોને ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરમાં જાહેર માર્ગો ઉપર રખડતાં ઢોરની ગંભીર સમસ્યા અંગે હાઈકોર્ટનાં આકરા વલણ બાદ મ્યુનિ. સીએનસીડી ખાતાની સાથે સાત ઝોનનાં અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ પોલીસ બંદોબસ્ત સાથે વ્યાપક ઝુંબેશને મળેલી સફળતા પછી રખડતાં ઢોર અંગેની કાર્યવાહી શિથિલ બની જવા પામી હતી. જેનો લાભ લઈ પશુપાલકોએ લાયન્સ અને પરમીટ વગરનાં ઢોર રાખવાનુ તેમજ તેમને રોડ ઉપર છુટા મુકવાનુ શરૂ કરી દીધુ હતું.

શહેરમાં રખડતાં ઢોરનાં મામલે મ્યુનિ. કમિશનર ને પણ નોંધ લઈને સીએનસીડી ખાતાને આળસ છોડી કામે લાગી જવા તાકીદ કરી હતી. તેના પગલે સીએનસીડી ખાતાની ટીમ પૂર્વ ઝોનનાં ઓઢવ સિંગરવા ગામ પાસે વડવાળી ચાર રસ્તા આગળ ઈન્દોર હાઈવે ઉપર ઢોર પકડવા ગઈ ત્યારે રિતેશ સોમાભાઈ રબારી તેમજ અમિત અરજણભાઈ રબારી તથા અન્ય બે પશુપાલકોએ તેનો વિરોધ કરી ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી શરૂ કરી હતી. એટલુ જ નહિ એક પશુપાલકે તો ટીમ સાથેનાં પીએસઆઈને લાફો મારી દઈ તેમની વર્દીનાં બટન તોડી નાખ્યા હતા. ત્યારબાદ પશુપાલકો ઢોર છોડાવી નાસી ગયા હતા. આ અંગે સેનિટરી ઈન્સ્પેક્ટરે ચાર શખ્સો સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. ગોતા વોર્ડમાં વસંતનગર ટાઉનશીપ વિસ્તારમાં ચેકિંગ વખતે પશુપાલકોએ ભેગા થઈ તકરાર શરૂ કરી હતી.

**વિશેષ** રસ્તા, ચેકડેમ, કોઝવે, આંગણવાડી, મલ્ટીપર્પઝ સેન્ટર અને આવાસ સહિત કુલ રૂ. ૫૨.૭૬ કરોડના કુલ ૯૧૬ કામોનું ઈ- લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયુ

# રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી પ્રફૂલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને વલસાડના ધરમપુર ખાતે જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરાઈ

। (માહિતી) વલસાડ ।

આદિવાસીઓના ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બિહારના જમુઈથી 'પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન- પી.એમ. જનમન'ના લાભાર્થીઓ સાથે ઈ- સંવાદ સાધ્યો હતો. આ સાથે જ દેશવ્યાપી 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનનો શુભારંભ પણ કરાવ્યો હતો. જેના ભાગરૂપે વલસાડ જિલ્લાના ધરમપુરમાં શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે રાજ્યકક્ષાના સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રફૂલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના જનજાતિય ગૌરવ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીશ્રીના હસ્તે આદિવાસી વિસ્તારમાં રસ્તા, ચેકડેમ, કોઝવે, આંગણવાડી, મલ્ટીપર્પઝ સેન્ટર અને આવાસ સહિત રૂ. ૫૨.૭૬ કરોડના ૯૧૬ કામોનું ડિજિટલ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રીએ મહાનાયક બિરસા મુંડાની જન્મજયંતિની શુભકામનાઓ આપતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રનું સુકાન સાંભળ્યા બાદ દેશનો સર્વાંગી વિકાસ કર્યો છે. આત્મીયતા અને પારિવારિક ભાવનાથી સમગ્ર દેશ ચાલી રહ્યો હોવાની અનુભૂતિ આજે જન જનને થઈ રહી છે. કેન્સર, હૃદય રોગ કે કિડની સહિતના જીવલેણ રોગથી ઘરના મોભીનો દીવો ન બુઝાય તે માટે વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશમાં આયુષ્યમાન કાર્ડ યોજના લાગુ કરી છે, ગુજરાતમાં તો મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રૂ.૧૦ લાખની સહાય મળે છે. એક એક પરિવાર માટે સરકાર સંવેદનશીલ છે. પહેલાના સમયમાં માત્ર ગરીબી નાબૂદ કરવાની વાતો થતી હતી પરંતુ વડાપ્રધાનશ્રીએ નાડ પારખી.



ગરીબ પરિવારે ક્યારેય કલ્પના ન કરી હતી કે, અમારું પાકું મકાન બનશે પરંતુ મોદીજીએ આવાસ અને ટોયલેટ સહિતના સુવિધાસભર આવાસ બનાવી આપ્યા. મોદીજીના એક વિચારથી ગરીબોના જીવન પુલકિત થયા છે. જનધન યોજનાનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, બેંકમાં ખાતા ખોલાવી આપ્યા બાદ આજે દરેક યોજનાની સહાય સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા થતા વચેટિયા નાબૂદ થયા છે. દેશના ૧૨ કરોડ ખેડૂત ખાતેદારોના બેંક ખાતામાં રૂ.૬૦૦૦નો હપ્તો જમા થાય છે. દેશની પ્રજાએ ક્યારેય આવું સ્વચ્છ અને સુઘડ શાસન જોયું ન હતું. આ જ ગૌરવ છે, આ જ સન્માન છે. મંત્રીશ્રીએ આદિવાસી સમાજના લાભાર્થીઓને અનુરોધ કરતા કહ્યું કે, જે પણ વ્યક્તિ આયુષ્યમાન કાર્ડ, આવાસ યોજનાથી વંચિત હોય તો ફોર્મ ભરી સરકારની અનેક યોજનાનો લાભ લઈ દેશની વિકાસયાત્રામાં જોડાઈ શકે છે. કોઈપણ નાગરિક વંચિત ન રહે તે માટે સરકાર જાગૃત છે.

કોરોના કાળમાં નિઃશુલ્ક અનાજ આપી સરકારે સંવેદનશીલ અભિગમનુ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. કલા અને સંસ્કૃતિનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, દરેક સમાજ, દરેક સમુદાયની ઓળખ તે સમાજની કલા અને સંસ્કૃતિથી થાય છે. આજે અહીં આદિવાસી નૃત્ય જોઈને આનંદ થયો છે, આપણી કલા હંમેશા જીવંત રહેવી જોઈએ. દરેક ભારતીય ગૌરવ લઈ શકે તેવી નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજના અમલમાં મૂકી હોવાનું મંત્રીશ્રીએ જણાવી વધુમાં કહ્યું કે, ખેલમહાકુંભની પહેલ મોદીજીએ કરાવી હતી, જો ખેલમહાકુંભ ન હોત તો આજે સરિતા ગાયકવાડનું ટેલેન્ટ વિશ્વએ જોયું ન હોત. દેશને ગોલ્ડ મેડલ મળ્યો ન હોત. પારદર્શક વહિવટ સાથે કાશ્મીરથી કન્યાકુમારી સુધી જનહિતના વિકાસ માટે, રાષ્ટ્રના ઉત્થાન માટે, ગરીબોના ઉત્થાન માટે બાળકના જન્મથી લઈને શિક્ષણ સહિતની અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. મંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને "રાષ્ટ્ર પહેલા, પછી હું" નો વિચાર કરવાનો મંત્ર આપ્યો હતો. પ્રાકૃતિક ખેતીનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ કહ્યું કે, પ્રાકૃતિક ખેતીથી થતી ખેત પેદાશોના શ્રેષ્ઠ દામ ખેડૂતોને મળી રહે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. રાજ્ય સરકાર દ્વારા ઓક્શન પધ્ધતિ પણ અમલમાં મુકવામાં આવનાર છે. મંત્રીશ્રીએ મોદીજીના વર્ષ ૨૦૪૭ ના વિકસિત ભારતના સંકલ્પને સિધ્ધ કરવા માટે સૌને આહવાન કર્યુ હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### યૌન શોષણ અને ડ્રગ સેવનના પણ આરોપ

# અમેરિકા : ડોનાલ્ડ ટ્રમ્પ કેબિનેટમાં વિવાદાસ્પદ અધિકારીઓની ભરમાર

## ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એટર્ની જનરલ તરીકેની નિમણૂક પામેલા મેટ ગેટ્ઝને લઈને વિવાદ છેડાઈ ગયો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૭ ।

ડોનાલ્ડ ટ્રમ્પ એક એવી હસ્તી છે જેના નામે કોઈ ને કોઈ વિવાદ થયા જ કરે છે. અમેરિકાના પ્રમુખ તરીકેની પહેલી ટર્મ દરમિયાન પણ વિવાદોએ એમનો પીછો નહોતો છોડ્યો, અને આ વર્ષે તેઓ બીજી વાર પ્રમુખ પદે ચૂંટાઈ આવ્યા છે, ત્યારે પણ એક યા બીજા કારણસર એમનું નામ સતત વિવાદોમાં ખરડાયા જ કરે છે. તાજો વિવાદ છે એમના વહીવટીતંત્રમાં પસંદગી પામેલા નેતાઓનો, જેમના પર યૌન શોષણ સહિતના ગંભીર આરોપ લાગી રહ્યા છે.



ટ્રમ્પ દ્વારા એટર્ની જનરલ તરીકેની નિમણૂક પામેલા મેટ ગેટ્ઝને લઈને વિવાદ છેડાઈ ગયો છે. તેમના પર યૌન શોષણ અને ડ્રગ સેવનનો આરોપ લાગ્યો છે. એક મહિલાએ ગેટ્ઝ પર ગંભીર આરોપ મૂકતાં કહ્યું છે કે, તેણે પોતાની આંખે ગેટ્ઝને સગીર વયની છોકરી સાથે સેક્સ કરતા જોયા હતા. ગેટ્ઝ ડ્રગ્સનું સેવન કરતા હોવાનો આરોપ પણ લાગ્યો છે. તેમણે બંને આરોપ ખોટા ગણાવ્યા છે. મેટ ગેટ્ઝને જે ડિપાર્ટમેન્ટના વડા નિયુક્ત કરવામાં આવ્યા છે એમાં ૪૦થી વધુ એજન્સીઓ આવે છે અને ૧.૧૫ લાખથી વધુ લોકો કામ કરે છે. ટ્રમ્પનું એવું કહેવું છે કે ગેટ્ઝ તેમની કેબિનેટમાં સૌથી મહત્ત્વપૂર્ણ વ્યક્તિ હોવાથી એમને આ વિભાગના વડા બનાવાયા છે. મેટ ગેટ્ઝ કોંગ્રેસના સભ્યપદે હતા પણ ટ્રમ્પના ચૂંટણી પ્રચારમાં જોડાવા માટે તેમણે રાજીનામું આપી દીધું હતું. ટ્રમ્પનો સાથ આપવાના ઈનામ તરીકે જ એમને એટર્ની જનરલ બનાવાયા હોવાની ચર્ચા અમેરિકામાં ચાલી રહી છે. ગેટ્ઝ સામે તપાસ ચાલી રહી છે.

ટ્રમ્પના મંત્રીમંડળમાં સંરક્ષણ સચિવ તરીકે નિયુક્તિ પામેલા પીટ હેગસેગ પણ મેટ્ઝ જેવા જ આરોપોથી ઘેરાયેલા છે. હેગસેગ પર વર્ષ ૨૦૧૭માં યૌન શોષણના આરોપ લાગ્યા હતા. મેટ્ઝની જેમ હેગસેગ પણ સતત તેમના પર લાગેલા આરોપોનું ખંડન કરતા રહ્યા છે. હેગસેગ જેવી વિવાદાસ્પદ વ્યક્તિને રક્ષા મંત્રી જેવું મહત્ત્વપૂર્ણ ખાતું સોંપાતા અમેરિકનો નારાજ થયા છે અને એનું પ્રતિબિંબ સોશિયલ મીડિયા પ્લેટ્ફોર્મ પર સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. ટ્રમ્પે રોબર્ટ એફ. કેનેડી જુનિયરને સ્વાસ્થ્ય મંત્રી અને તુલસી ગબાર્ડને ઈન્ટેલિજન્સ વિભાગના ડિરેક્ટર તરીકે પસંદ કર્યા છે, એ બાબતે પણ અમેરિકાના રાજકારણ, મીડિયા અને આમ જનતામાં નકારાત્મક પ્રતિભાવ જોવા મળી રહ્યા છે. ટ્રમ્પ દ્વારા નિમણૂક પામેલા એકથી વધુ અધિકારીઓ અને નેતાઓને લીધે વિવાદો થઈ રહ્યા છે, ત્યારે પ્રશ્ન એ થાય કે આ પ્રકારની બાબતોમાં શું રાષ્ટ્રપતિનો નિર્ણય અંતિમ હોય છે? જવાબ છે- ના. અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલી વ્યક્તિને મંજૂરી આપવા માટે સેનેટમાં ઓછામાં ઓછા ૫૧ સભ્યોનું સમર્થન મળવું જોઈએ. ખુદ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના નેતાઓ અને સેનેટરોએ કહી દીધું છે કે તેઓ ગેટ્ઝની નિમણૂકને મંજૂરી નહીં આપે. અન્ય વિવાદાસ્પદ નેતાઓની પસંદગી બાબતે પણ સેનેટરોનું વલણ આકરું છે, એટલે આગામી સમયમાં ટ્રમ્પના પોતાના જ નેતાઓ એમની વિરુદ્ધ થઈ જાય એવી શક્યતા છે. ખુદ ડોનાલ્ડ ટ્રમ્પ પર પણ અનેક મહિલાઓએ જાતીય સતામણી, યૌન શોષણ અને બળાત્કાર સુદ્ધાંના આરોપ લગાવ્યા હોવાથી જાતીય ગેરવર્તણૂક કરનારા અધિકારીઓ અને નેતાઓ એમના મતે સજાપાત્ર નથી.

### ખડગેએ મણિપુરમાં ફાટી નીકળેલી હિંસાને લઈને કેન્દ્ર પર નિશાન સાધ્યું

# તમારી ડબલ એન્જિન સરકારમાં મણિપુર "ના એક હૈ ના સેફ હૈ"

## મે ૨૦૨૩થી રાજ્ય અકલ્પનીય પીડા, વિભાજન અને હિંસામાંથી પસાર થઈ રહ્યું છે, જેણે ત્યાનાં લોકોનું ભવિષ્ય બરબાદ કરી નાખ્યું છે : કોંગ્રેસ

। (એજન્સી) મણિપુર, તા.૧૭ ।

મણિપુરમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. મૈતેઈ સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઈમ્ફાલના રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને મુખ્યમંત્રીના આવાસમાં તોડફોડ કરી હતી. આ દરમિયાન ૭ ધારાસભ્યોના ઘરોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા.

ગુસ્સે ભરાયેલા ટોળાએ ચર્ચ પર પણ હુમલો કર્યો હતો. મણિપુરમાં મોટી સંખ્યામાં સેના અને અન્ય સુરક્ષા દળો હાજર હોવા છતાં આ બધું થયું. મામલાની ગંભીરતાને ધ્યાને લઈ આ સમયે શહેરમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે અને કર્ફ્યૂ પણ લાદવામાં આવ્યો છે.



મણિપુરમાં એક વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલી હિંસાને લઈને કેન્દ્ર સરકાર સતત વિપક્ષના નિશાન પર છે. ત્યારે હવે આ વચ્ચે ફરી એક વખત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મણિપુરમાં ફાટી નીકળેલી હિંસાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, મણિપુર ના એક હૈ ના સેફ હૈ. આ રીતે તેમણે વડાપ્રધાન મોદીના 'હમ એક હૈ, તો સેફ હૈ' નિવેદનને ફરી એકવાર યાદ અપાવીને ભાજપ પર આકરા પ્રહાર કર્યા છે.

ખડગેએ પીએમ મોદી પર નિશાન સાધતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'તમારી ડબલ એન્જિન સરકારમાં મણિપુર ના એક હૈ ના સેફ હૈ. મે ૨૦૨૩થી રાજ્ય અકલ્પનીય પીડા, વિભાજન અને હિંસામાંથી પસાર થઈ રહ્યું છે, જેણે ત્યાનાં લોકોનું ભવિષ્ય બરબાદ કરી નાખ્યું છે. અમે આ વાત પૂરી જવાબદારી સાથે કહી રહ્યા છીએ કે, એવું લાગે છે કે ભાજપ જાણી જોઈને મણિપુરને સળગાવવા માગે છે, કારણ કે, તે પોતાની ઘૃણાસ્પદ વિભાજનકારી રાજનીતિ કરે છે.' તેમણે આગળ કહ્યું કે, ૭ નવેમ્બરથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. સંઘર્ષગ્રસ્ત વિસ્તારોની યાદીમાં નવા જિલ્લાઓ ઉમેરવામાં આવી રહ્યા છે અને આગ સરહદે આવેલા ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ફેલાઈ રહી છે. તમે સુંદર સરહદી રાજ્ય મણિપુરમાં તમે સંપૂર્ણ પણે નિષ્ફળ રહ્યા છો. ભવિષ્યમાં તમે મણિપુર જશો તો પણ રાજ્યની જનતા તમને ક્યારેય માફ નહીં કરશે. અહીંના લોકો ક્યારેય ભૂલશે નહીં કે તમે તેમને તેમના હાલ પર છોડી દીધા હતા અને તેમની વેદનાઓને દૂર કરવા અને ઉકેલો શોધવા માટે તેમના રાજ્યમાં ક્યારેય પગ નહોતો મૂક્યો.

**ન્યૂઝ બ્રિફ**

### રાહુલ ફિટ થઈ ગયો છે અને પ્રેક્ટિસ ફિલ્ડમાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૫ ટેસ્ટ મેચની સિરીઝ ૨૨ નવેમ્બરથી શરૂ થશે. આ પહેલા પણ ટીમ ઈન્ડિયામાં સતત ટેન્સનના ઘણા અહેવાલો સામે આવ્યા છે. સ્ટાર બેટ્સમેન શુભમન ગિલના અંગૂઠામાં ઈજા થઈ છે અને તેના માટે પ્રથમ મેચમાં રમવું મુશ્કેલ છે. જ્યારે કેપ્ટન રોહિત શર્મા પ્રથમ મેચ નહીં રમે. તેમની પત્ની રિતિકાએ એક પુત્રને જન્મ આપ્યો છે. બે મહત્વના ખેલાડીઓની ગેરહાજરીને કારણે ટીમ ઈન્ડિયા મુશ્કેલીમાં છે. આ દરમિયાન સમાચાર આવ્યા કે અનુભવી બેટ્સમેન કેએલ રાહુલ પણ ઈજાગ્રસ્ત થયો છે. આનાથી ટીમ મેનેજમેન્ટ પરેશાન થયું. હવે પર્થથી એક સારા સમાચાર આવ્યા છે કે રાહુલ ફિટ થઈ ગયો છે. તે રવિવારે પ્રેક્ટિસ ફિલ્ડમાં આવ્યો હતો. તેમણે નેટમાં ઘણો સમય વિતાવ્યો છે. બે દિવસ પહેલા કોણીમાં ઈજાગ્રસ્ત થયેલ રાહુલે ફરી બેટિંગ પ્રેક્ટિસ શરૂ કરી છે. કેએલ રાહુલ પર્થમાં અભિમન્યુ ઈશ્વરન સાથે સતત પ્રેક્ટિસ કરી રહ્યો છે. તેમાંથી કોઈપણ પ્રથમ ટેસ્ટમાં યશસ્વી જયસ્વાલ સાથે ઓપનિંગ કરી શકે છે.

### અમેરિકાથી અમદાવાદ આવેલા NRI દીપક પટેલની હત્યાનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૭ ।

અમેરિકાનું ગ્રીન કાર્ડ ધરાવતા અને તાજેતરમાં અમદાવાદ આવેલા ૬૦ વર્ષના એનઆરઆઈ દીપક પટેલનો મૃતદેહ મળી આવ્યા પછી પોલીસે હત્યાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે ૬૫ લાખ રૂપિયાની રકમના મામલે તેમને શીલજમાં રહેતા ઈન્દ્રજીતસિંહ વાઘેલા સાથે વિવાદ ચાલતો હતો અને દીપક પટેલે આ રૂપિયા આપ્યા ન હોવાથી ઈન્દ્રજીત વાઘેલાએ તેમની હત્યા કરી હતી. વાઘેલા પોલીસના હાથે ઝડપાઈ ગયો છે અને ગુનો પણ કબૂલી લીધો છે. મૂળ કેલિફોર્નિયાના રહેવાસી દીપ કભાઈ પટેલ અમદાવાદના થલતેજ એરિયામાં પામબીચ બંગલોમાં રહે છે. તેમની હત્યા કેસમાં અમદાવાદ ગ્રામ્ય પોલીસે જમીન લે-વેચનું કામ કરતા અને શીલજમાં રહેતા ઈન્દ્રજીતસિંહ વાઘેલાને પકડ્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે મરનાર દીપક પટેલે ઈન્દ્રજીતસિંહ વાઘેલા સાથે મળીને એક જમીનની ડીલ કરી હતી જેમાં તેમના ૬૫ લાખ રૂપિયા નીકળતા હતા. દીપક પટેલે આ રકમ ચૂકવી ન હોવાથી ગુરુવારે તેમના માથામાં પાઈપ મારીને તેમની હત્યા કરવામાં આવી હતી.

### પ્રિયંકા ગાંધીના વડાપ્રધાન મોદી પર પ્રહાર

# બાળઠાકરે શિવાજી મહારાજનું અપમાન ક્યારેય સાંખી ન લેત

## મહાયુતિના રાજ્યમાં સિંધુદુર્ગમાં શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી તેની પાછળ ભ્રષ્ટાચાર કારણભૂત હતા : પ્રિયંકા ગાંધી

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરે ક્યારેય છત્રપતિ શિવાજી મહારાજનું અપમાન સાંખી ન લેત એમ કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ રાહુલ ગાંધીને હાંકલ કરી હતી કે બાળાસાહેબ ઠાકરે અને સ્વાતંત્ર્યવીર સાવરકરને બિરદાવે. આ ટકોરની સામે વળતો પ્રહાર કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે, મહાયુતિના રાજ્યમાં સિંધુદુર્ગમાં શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી તેની પાછળ ભ્રષ્ટાચાર કારણભૂત હતા. સંસદ ભવનની બહારની છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ખસેડી લેવામાં આવી. શિવાજી મહારાજનું આવું અપમાન બાળાસાહેબ ઠાકરેએ ક્યારેય સાંખી લીધું ન હોત. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના બધા નેતાઓ શિવાજી મહારાજનું નામ લીધા કરે છે પણ તેમને માન આપતા નથી. મોદી બાળાસાહેબના નામનું ઉચ્ચારણ કરે છે. પણ ભાજપએ ઉદ્ધવ ઠાકરેની જ પીઠમાં ખંજર ભોંક્યું હતું. કોલ્હાપુર અને શિર્ડીમાં ચૂંટણી પ્રચાર સભાઓને સંબોધતા પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું



કે, 'કોંગ્રેસ અને શિવસેના(યુબીટી)ની રાજકીય વિચારધારા જુદી છે, આમ છતાં કોંગ્રેસ અને રાહુલ ગાંધી પણ શિવાજી મહારાજનું અપમાન સહન ન જ કરી શકે.' મહાવિકાસ આઘાડીના ઉમેદવારોના ચૂંટણી પ્રચાર માટે આવેલા પ્રિયંકાએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, 'છત્રપતિ શિવાજીની જ ભૂમિમાં શિવાજીનું અપમાન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંધુદુર્ગમાં શિવાજીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. પરંતુ ભ્રષ્ટાચારને કારણે એ પ્રતિમા તૂટી પડી હતી. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાનની કહેણી અને કરણીમાં બહુ તફાવત છે. જ્યારે મોદીનું ભાષણ સાંભળીએ ત્યારે ખરેખર નિરાશા ઉપજે છે, કારણ કે તેમના શબ્દોમાં રતીભાર પણ સત્ય નથી હોતું.

**ભાજપ MLA સનાતન ધર્મ સંસદમાં ગરજ્યા**

### હિન્દુઓ પર જે આંગળી ઉઠાવશે તેનું કામ તમામ થઇ જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

તેલંગાણાના ગોશામહલના ભાજપના ધારાસભ્ય ટી રાજાએ પણ દિલ્હીમાં આયોજિત સનાતન ધર્મ સંસદમાં ભાગ લીધો હતો અને સનાતન બોર્ડની માંગને સમર્થન આપતા મંચ પરથી ગર્જના કરી હતી. ટી રાજાએ કહ્યું કે, સનાતન બોર્ડમાં યોગદાન આપનાર કોઈપણ યુવક અમર છે. જે કોઈ હિંદુ રાષ્ટ્રની સ્થાપના માટે વિધર્મીઓનો નાશ કરશે તે અમર થઈ જશે. સનાતન બોર્ડ ઉપરાંત ટી રાજાએ લવ જેહાદ, રોડ જેહાદ, સ્પિટ જેહાદનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે દેશના વર્તમાન વાતાવરણને જોઈને જે ઋષિ-મુનિઓ શાસ્ત્રોનો પાઠ કરતા હતા તેઓ પણ આજે કહી રહ્યા છે કે હિંદુઓ જાગો. સનાતન બોર્ડની રચના કરવાની શા માટે જરૂર છે તે સમજાવતા, ટી રાજાએ કહ્યું કે સનાતન બોર્ડ દ્વારા લશ્કરની રચના કરવામાં આવશે અને આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આના દ્વારા અમે અમારા જિલ્લાઓમાં યુવાનોને જોડીશું જે તમારી સુરક્ષા કરશે. કારણ કે આજે આપણી બહેન-દીકરીઓ છીનવાઈ રહી છે. આથી અમે લવ જેહાદના લોકોને તેઓ જે ભાષામાં સમજે છે તે ભાષામાં સમજાવીશું, પરંતુ સનાતન બોર્ડની રચનામાં જો કોઈ આવશે તો અમે તેને છોડીશું નહીં, ભલે તે આપણું પોતાનું હોય. વિવાદાસ્પદ નિવેદન આપતા ટી રાજાએ વધુમાં કહ્યું કે આવનારો સમય યુદ્ધનો છે અને યુદ્ધ શબ્દોથી નહીં પણ હાથથી લડવામાં આવે છે. હાથ મજબૂત કરવાનું કામ સનાતન બોર્ડ કરશે. જો તમે અમને સાથ આપો તો તમે આતંકવાદીઓની ગરદન પણ કાપી શકો છો.

### નીતિન ગડકરીએ રાહુલ ગાંધી પર જોરદાર નિશાન

# ગત લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ખોટો પ્રચાર કરીને લોકોને ગુમરાહ કર્યા હતા

## ગડકરીએ કહ્યું કે, "હું પહેલા પણ ભાજપ અધ્યક્ષ રહ્યો છું, અને હવે મને આ પદનો કોઈ મોહ રહ્યો નથી

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

મહારાષ્ટ્ર ચૂંટણી વચ્ચે કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ રવિવારે રાહુલ ગાંધી પર જોરદાર નિશાન સાધ્યું છે. આ સાથે કોંગ્રેસ પર પણ મોટો આરોપ લગાવતા તેમણે કહ્યું કે, "ગત લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસે ખોટો પ્રચાર કરીને લોકોને ગુમરાહ કર્યા હતા કે, જો ૪૦૦ બેઠકો મળશે તો અમે બંધારણ બદલી નાખીશું. કોઈને પણ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને ગંભીરતાથી લેવા જોઈએ નહીં." તો, ભાજપ અધ્યક્ષ બનવા અંગે નીતિન ગડકરીએ જવાબ આપતાં કહ્યું કે, "હું પહેલા પણ ભાજપ અધ્યક્ષ રહ્યો છું, અને હવે મને આ પદનો કોઈ મોહ રહ્યો નથી." વધુમાં ગડકરીએ કહ્યું કે, રાહુલ ગાંધી જે રીતે બોલે છે, તેના પર કોઈએ ગંભીરતાથી ન લેવું જોઈએ. મને લાગે છે કે, લોકોએ તેમના વાતોને ગંભીરતાથી ન લેવું જોઈએ." મહારાષ્ટ્રના લોકો ૨૦ નવેમ્બરે યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ ગઠબંધનમાં ફરી વિશ્વાસ વ્યક્ત કરશે. તેમજ 'બાઈડેનની જેમ મોદીજીને ભૂલવાની બીમારી થઈ



ગઈ છે' વાળા રાહુલ ગાંધીના નિવેદન પર ગડકરીએ કહ્યું કે, તેઓ બેજવાબદારીપૂર્વક બોલે છે.' ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નિરાશાજનક પ્રદર્શન બાદ મહાયુતિ ગઠબંધનના પડકારો વિશે પૂછવામાં આવતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, લોકસભા ચૂંટણી દરમિયાન વિપક્ષોએ મોટા પાયે મતદારોને ગૂમરાહ કર્યા હતા. તેમણે કહ્યું કે, "આ એજન્ડા ઘડવામાં આવ્યો હતો કે, જો અમે ૪૦૦થી વધુ સીટો જીતીશું તો અમે બાબાસાહેબ આંબેડકર દ્વારા લખાયેલ બંધારણને બદલીશું." એટલે ન અમે એવું કરીશું કે, ન અન્ય લોકોને આમ કરવા દઈશું."

### દેશમાં ૧૮ ટકા લોકો અભણ

# ગુજરાતમાં ૧૫ ટકાને સરવાળા-બાદબાકી નથી આવડતા : સર્વે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

ભારતનું બંધારણ તમામ બાળકોને શિક્ષણનો અધિકાર આપે છે. સરકારોની જવાબદારી છે કે તેઓ દરેક બાળકોને મફત શિક્ષણ આપે. પરંતુ એવું શું બને છે કે બાળક ભણવા નથી માગતું? આ વાત એટલા માટે કારણ કે સરકારના જ એક સર્વેમાં સામે આવ્યું છે કે ઘણાં બધા બાળકો એવા છે કે ખુદ જ નથી ભણવા માગતા, એટલા માટે તેઓ શાળાએ જતાં જ નથી. નેશનલ સેમ્પલ સર્વેનો એક રિપોર્ટ આવ્યો છે. જે સર્વેમાં સામે આવ્યું છે કે, ભારતમાં અંદાજિત ૨ ટકા બાળકો એવા છે, જે ક્યારેય શાળાએ નથી ગયા. કેરળ એક માત્ર એવું રાજ્ય છે, જ્યાં તમામ બાળકો શાળાએ ગયા છે. આ સર્વેમાં ચોંકાવનારી વાત એ સામે આવી છે કે શાળા ન જવાનું મોટું કારણ આર્થિક તંગી નથી. પરંતુ, વધુ પડતા બાળકો એટલા માટે શાળાએ નથી જતા કારણ કે તેઓ ખુદ જ નથી ભણવા માગતા અથવા તો તેમના માતા-પિતા તેમને ભણાવવા નથી ઈચ્છતા.

સર્વેમાં સામે આવ્યું છે કે જે બાળકો શાળાએ નથી ગયા, તેમાંથી અંદાજિત ૧૭ ટકા બાળકોને શાળાએ ન જઈ શકવાનું કારણ આર્થિક તંગી હતી. જ્યારે અંદાજિત ૨૪ ટકા બાળકો એટલા માટે શાળાએ નથી ગયા કારણ કે તેઓ ભણવા નથી ઈચ્છતા. ૨૧ ટકા બાળકો એટલા માટે શાળાથી દૂર છે કારણ કે તેમના માતા-પિતા નથી ઈચ્છતા કે તે ભણે. જ્યારે ૧૩ ટકા બાળકો કોઈ બીમારી કે દિવ્યાંગતાના કારણે શાળાએ નથી જઈ શકતા.

૨૦૧૧માં જ્યારે છેલ્લી વખત વસ્તી ગણતરી થઈ હતી, ત્યારે સામે આવ્યું હતું કે ભારતમાં ૭૮ કરોડ લોકો શિક્ષિત છે. પરંતુ તેમાં એ પણ સામે આવ્યું હતું કે, તેમાંથી ૪૦ કરોડ એવા છે જેમને પોતાનું નામ પણ બરાબર નથી લખતા આવડતું, એટલે ભણવા-લખવા વાળી અડધી વસ્તી માત્ર નામની ભણેલી હતી.

નેશનલ સેમ્પલ સર્વેનો રિપોર્ટ સામે આવ્યું છે કે, ૧૫ વર્ષથી વધુ ઉંમરના ૮૧.૬ ટકા લોકો જ એક સામાન્ય વાક્ય વાંચી કે લખી શકે છે. તેનો મતલબ એ થયો કે હજુ પણ ૧૮ ટકાથી વધુ વસ્તી એવી છે જે દરરોજની જિંદગીમાં એક લાઈન પણ બરાબર વાંચી-લખી નથી શકતી. જે એક લાઈન પણ બરાબર નથી વાંચી શકતી તેમાં ૧૧.૭ ટકા પુરૂષ અને ૨૫ ટકાથી વધુ મહિલાઓ છે.

ગામડાંઓમાં તો પરિસ્થિતિ વધુ ખરાબ છે. ગામડાંઓમાં રહેતા ૨૨ ટકાથી વધુ લોકો વાંચી-લખી નથી શકતા. જ્યારે, શહેરના એવા લોકોની સંખ્યા ૧૦ ટકાની આસપાસ છે. આ પરિસ્થિતિ ત્યારે છે જ્યારે વધુ પડતી શાળા ગ્રામ્ય વિસ્તારોમાં છે. શિક્ષણ મંત્રાલયના અનુસાર, દેશભરમાં ૧૪.૮૯ લાખ શાળા છે. તેમાંથી ૨.૫૪ લાખ શાળા શહેર અને ૧૨.૩૪ લાખ શાળા ગામોમાં છે.

ગામો અને શહેરોના આંકડામાં પણ ખુબ અંતર છે. ગામોમાં રહેતા દર ૪ માંથી ૧ અને શહેરમાં રહેતા દર ૧૦ માંથી ૧ વ્યક્તિ સામાન્ય સરવાળા-બાદબાકી કરી નથી શકતા. ગામમાં રહેતી ૧૪ ટકાથી વધુ મહિલાઓ એવું નથી કરી શકતી. આ સર્વેમાં એ પણ સામે આવ્યું છે કે વધુ પડતાં ભારતીય સાયન્સ અને ટેક્નોલોજી ભણવામાં ખચકાય છે. ૨૧ વર્ષથી વધુ ઉંમરના માત્ર ૩૪ ટકા લોકો જ એવા છે, જેમને સાયન્સ અથવા ટેક્નોલોજીમાં ગ્રેજ્યુએશન કર્યું છે.

સાયન્સ અથવા ટેક્નોલોજીમાં ગ્રેજ્યુએશન કરવામાં પુરુષોની સરખામણીમાં મહિલાઓ વધુ પાછળ છે. માત્ર ૨૯ ટકા મહિલાઓ અને ૩૭ ટકા પુરૂષોએ જ આ કોર્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. એટલું જ નહીં, હાલના સમયમાં ભારતમાં ૨૫ ટકાથી વધુ યુવાનો એવા છે, જેઓ ન તો ભણી રહ્યા છે, ન તો જોબ કરી રહ્યા છે અને ન તો કોઈ પ્રકારની ટ્રેનિંગ લઈ રહ્યા છે. તેમાં ૪૪ ટકાથી વધુ મહિલાઓ છે. સર્વેમાં ત્રણ મહિના પહેલા ૪૩ ટકાથી વધુ લોકો એવા હતા, જેમણે ઈન્ટરનેટનો ઉપયોગ જ નહોતો કર્યો. એવી પરિસ્થિતિ ત્યારે છે જ્યારે લગભગ તમામ લોકો સુધી ઈન્ટરનેટ પહોંચી ચૂક્યું છે.

### યુનિવર્સિટી એડમિશનમાં ૨૧ ટકાનો ઘટાડો

# યૂકેની યુનિવર્સિટીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

આઝાદીના ૭૭ વર્ષ પછી પણ દેશની શિક્ષણ વ્યવસ્થા વસ્તીની જરૂરિયાત પ્રમાણે હજુ પણ અપૂરતી છે. આંકડા મુજબ દેશમાં લગભગ ૪.૫ કરોડ વિદ્યાર્થીઓ છે, પરંતુ તેમાંથી માત્ર ૨૯% જ યુનિવર્સિટીમાં એડમિશન લે છે. નીતિ આયોગના સીઈઓ મ્ફઇ સુબ્રમણ્યમે કહ્યું, "ભારતના ૫૦% વિદ્યાર્થીઓની એડમિશન કરાવવા માટે યુનિવર્સિટીઓની સંખ્યા ૧૨૦૦ થી બમણી કરીને ૨૫૦૦ જેટલી કરવાની તાતી જરૂર છે. છેલ્લા ૧૦ વર્ષમાં દર મહિને એક યુનિવર્સિટી અને બે કોલેજો ખોલવામાં આવે છે. છતાં યોગ્ય વયજૂથના માત્ર ૨૯% વિદ્યાર્થીઓ જ સ્નાતકમાં એડમિશન લેતા હોય છે. તમામ પડકારો હોવા છતાં ૫૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓ સૌથી ખરાબ સ્થિતિમાં કોલેજોમાં હોવા જોઈએ." આ જ કારણોને લીધે આર્થિક રીતે સક્ષમ વાલીઓ તેમના બાળકોને વધુ સારુ શિક્ષણ આપવા માટે વિદેશ મોકલવાનું પસંદ કરે છે. ભારતીય વિદ્યાર્થીઓ રશિયાથી મધ્ય પૂર્વ અને અમેરિકા અને કેનેડાથી યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ભણવા માટે જાય છે. દરમિયાન એક રિપોર્ટમાં ખુલાસો થયો કે, ભારતીય વિદ્યાર્થીઓની બ્રિટનમાં અભ્યાસ કરવાની રુચિ ઘટી છે. આ ઉપરાંત રિપોર્ટમાં બીજું શું છે તે જાણીએ.

રિપોર્ટ પ્રમાણે લગભગ ૨૧ ટકાનો ઘટાડો થયો છે. મર્યાદિત નોકરીની સંભાવનાઓ, સુરક્ષાની ચિંતાઓ અને આશ્રિતો પરના નિયંત્રણોને કારણે યુકેની યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની નોંધણી ૨૦.૪% ઘટી છે. આ ઘટાડો નાઈજિરિયન વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડા સાથે, યુકેની યુનિવર્સિટીઓ માટે નાણાકીય જોખમ પણ વધી રહ્યું છે. જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર ખૂબ નિર્ભર છે. ઈંગ્લેન્ડમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સ્થિરતા લાવવા માટે એક નવા રિપોર્ટ પરથી જાણવા મળ્યું કે, ભારતીય વિદ્યાર્થીઓ બ્રિટિશ યુનિવર્સિટીઓમાં અરજી કરવાનું બંધ કરી રહ્યા છે, જેના કારણે ત્યાં નાણાકીય સમસ્યાઓ વધી છે. ઉલ્લેખનીય છે કે, ત્યાંની શૈક્ષણિક સંસ્થાઓ પહેલાથી જ મર્યાદિત બજેટના પડકારનો સામનો કરી રહી છે. વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૩-૨૪ દરમિયાન યુકે પ્રદાતાઓ દ્વારા વિદેશી વિદ્યાર્થીઓ માટે સ્વીકૃતિની પુષ્ટિ (CAS) પર યુકે હોમ ઓફિસ ડેટા પર આધારિત વિશ્લેષણ ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૦.૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. હવે ત્યાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૩૯,૯૧૪ થી ઘટીને ૧૧૧,૩૨૯ થઈ ગઈ છે. આ પ્રશ્નના જવાબમાં બ્રિટનમાં રહેલા ભારતીય વિદ્યાર્થી ગ્રુપોનું કહેવું છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં બ્રિટનની નીતિઓમાં ફેરફાર આવ્યો છે. પરપ્રાંતીયોને અપાતી સુવિધાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ માટે તકો અને નોકરીની સંભાવનાઓ ઓછી થઈ ગઈ છે. અસુરક્ષા અને હાલમાં કેટલાક શહેરોમાં પ્રવાસી લોકોનો વિરોધ પ્રદર્શનો અને કેટલાક રમખાણો બાદ સુરક્ષાની ચિંતાઓના કારણે ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો હોવાનું માનવામાં આવે છે.

## તંત્રી લેખ...

# બુલડોઝરને બ્રેક


સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહી પર દિશાનિર્દેશ જારી કરીને એ સુનિશ્ચિત કરવાનું કામ કર્યું કે અતિક્રમણ, ગેરકાયદે નિર્માણની સાથે સાથે અપરાધની વિરુદ્ધ પણ મનમાફક કાર્યવાહી નહીં થઈ શકે. એવું કરવું જરૂરી હતું, કારણ કે બુલડોઝર કાર્યવાહી અપરાધમાં સંડોવાયેલા તત્ત્વો વિરુદ્ધ પણ થતી હતી અને એ આધાર પર થતી હતી કે તેમણે પોતાનું મકાન, દુકાન કે અન્ય કોઈ ઈમારત ગેરકાયદે રૂપે બનાવી છે. શાસન-પ્રશાસનને એવી કાર્યવાહી કરવામાં એટલા માટે આસાની થતી હતી, કારણ કે મોટાભાગે લોકો પોતાના મકાનોનું નિર્માણ સ્વીકૃત નકશા કે નક્કી માપદંડોના હિસાબે નથી કરાવતા. બુલડોઝર કાર્યવાહીને એટલે જ જનતાનું સમર્થન મળતું હતું, કારણ કે તેની એ આકાંક્ષા રહે છે કે અપરાધી તત્ત્વોને જલ્દીથી દંડ મળે. આ જ કારણે બુલડોઝર કાર્યવાહીની ચોમેર પ્રશંસા થતી હતી, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે આ પ્રકારની કાર્યવાહીમાં શંકાસ્પદ અપરાધી-આરોપીનાં ઘર-દુકાન ધ્વસ્ત થવાની સજા તેનો પરવાર પણ ભોગવતો હતો. તેથી સુપ્રીમ કોર્ટે એમ કહ્યું કે કોઈ આરોપીની સજા તેના પરિવારને ન આપી શકાય. સુપ્રીમ કોર્ટે બુલડોઝર કાર્યવાહીને લઈને જે દિશાનિર્દેશ જારી કર્યા, તેના આધાર પર એ નિષ્કર્ષ પર પણ ન પહોંચી જવું જોઈએ કે ગેરકાયદે નિર્માણ અને દબાણ કરનારાઓ વિરુદ્ધ બુલડોઝર કાર્યવાહીનો રસ્તો બંધ થવા જઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશોથી એ સ્પષ્ટ છે કે અનધિકૃત નિર્માણ વિરુદ્ધ નોટિસ મોકલવા અને કેસની સુનાવણી કર્યા બાદ બુલડોઝર કાર્યવાહી સંભવ છે. એને કારણે જ સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા એ રૂપે પણ કરાઈ રહી છે કે તેનાથી માફિયા તત્ત્વો અને પ્રોફેશનલ અપરાધીઓ પર નિયંત્રણ કરવું આસાન થઈ જશે. જોવાનું છે કે એવું થાય છે કે નહીં? જે પણ હોય, સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર દબાણ હટાવવા અને જમીનો પર કબ્જો રોકવા પર ન પડવી જોઈએ. એ જ રીતે અપરાધી તત્ત્વોનું દુસ્સાહસ પણ ન વધવું જોઈએ. સુપ્રીમ કોર્ટે એ યોગ્ય કહ્યું કે ચુકાદા વિના કોઈને દોષી ન માની લેવામાં આવે અને અપરાધીને દંડ આપવો અદાલતનું કામ છે, પરંતુ પ્રશ્ન એ છે કે શું અદાલતો આ કામ યોગ્ય રીતે કરી શકે છે? સારું થાત કે સુપ્રીમ કોર્ટ એ પ્રશ્ન પર પણ ધ્યાન આપતી, કારણ કે એ કોઈથી છૂપું નથી કે અપરાધી અને માફિયા તત્ત્વોને તેમનાં કરતૂતોની સજા ક્યારેક જ મળે છે. મળે છે તો પણ બહુ જ વિલંબથી. બાહુબલી, ધનબલી પ્રકારના કે પછી રાજકીય વગ ધરાવતા અપરાધી તત્ત્વો મામલે આ સૌથી વધુ જોવા મળે છે કે તેઓ પોતાના વિરુદ્ધ ચાલી રહેલા કેસોને લાંબા ખેંચવામાં સફળ રહે છે.

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વૈશ્વિક સ્તરે લઇ રહ્યું છે લીડરશીપ

સસ્ટેનેબલ અને ઉર્જા-સ્થિતિસ્થાપક ભવિષ્ય તરફ ગુજરાતનું નેતૃત્વ કરતા રાજ્યના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ, UNDP, અને ટોચની ડેનિશ કંપનીઓ સાથે સંવાદ સાધીને ગુજરાત અગ્રહરોળમાં રહીને રોલ મોડલ બનવા માટે તત્પર દરિયાકિનારે અંદાજિત ૩૫ -૪૦ ગીગાવોટ ઓફશોર પવનની સંભવિતતા ધરાવે છે, ગુજરાત ભારતના સ્વચ્છ ઉર્જા લક્ષ્યાંકોમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા તૈયાર ગુજરાત ક્લીન એનર્જીની દિશામાં વૈશ્વિક સ્તરે નેતૃત્વ કરતા હરિત અને ટકાઉ ભવિષ્યનો માર્ગ પ્રશસ્ત કરી રહ્યું છે રાજ્યના ઉર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ એ અઝરબૈજાનના બાકુમાં યોજાઈ રહેલા (COP29) કોન્ફરન્સમાં જણાવ્યું છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ગુજરાત રિન્યુ એબલ એનર્જી ક્ષેત્રે વૈશ્વિક સ્તરે લઈ લીડરશીપ લઈ રહ્યું છે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાતે પુનઃપ્રાપ્ય ઉર્જા અને સસ્ટેનેબલ વિકાસમાં તેના નેતૃત્વની વૈશ્વિક સ્તરે પુનઃ પુષ્ટિ કરી છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL) ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જય પ્રકાશ શિવહરે સહિતના વરિષ્ઠ અધિકારીઓ એ વૈશ્વિક નેતાઓ સાથે યોજાપેલ ઉચ્ચ સ્તરીય બેઠકોમાં ગુજરાતના આ પ્રતિનિધિ મંડળ અને સંસ્થાઓ એ હરિયાળી અને ઉર્જા-સ્થિતિસ્થાપક ભવિષ્ય માટે રાજ્યની પ્રતિબદ્ધતાના નવતર આયામોની ભૂમિકા રજૂ કરી હતી. રિન્યુએબલ એનર્જી માટે પ્રતિબદ્ધતાઃ ૨૦૪૭ માટે ગુજરાતનું વિઝન-મંત્રીશ્રી દેસાઈએ ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણમાં ગુજરાતના પ્રોએક્ટીવ વલણને રજૂ કરતા જણાવ્યું હતું કે; ભારત આઝાદીની શતાબ્દી નિમિત્તે વર્ષ – ૨૦૪૭ સુધીમાં તેની નવીનીકરણીય ઉર્જા ક્ષમતાને વધારવા અને ઉર્જા સ્વ-નિર્ભરતા હાંસલ કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો નક્કી કર્યા છે. વ્યૂહાત્મક નીતિઓ અને કાર્યક્રમો દ્વારા ગુજરાત નો ઉદ્દેશ્ય એનર્જી સીક્યુરીટી અને આબોહવાની સ્થિતિસ્થાપકતા માટેની રાષ્ટ્રીય આકાંક્ષાઓને અનુરૂપ સસ્ટેનેબલ અને એફોર્ડેબલ ઊર્જા માટે સોલ્યુશન પૂરા પાડવાનો છે. મિશન ૧૦૦ ૨ઉ’ અને ઈન્વેસ્ટમેન્ટમાં વધારો - ગુજરાતની પુનઃપ્રાપ્ય ઉર્જાનું કેન્દ્ર એ તાજેતરમાં શરૂ કરાયેલ ‘મિશન ૧૦૦ ૨ઉ ઓફ રિન્યુએબલ એનર્જી’ છે, જેનું અનાવરણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ૪થી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટ (RE-INVEST) ૨૦૨૪ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ મહત્વાકાંક્ષી યોજનાનો ઉદ્દેશ્ય નોંધપાત્ર રીતે રાજ્યની પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતામાં વધારો કરીને ભારતના સ્વચ્છ ઉર્જા સંક્રમણમાં ગુજરાતને એક અગ્રણી રાજ્ય બનાવવાનું છે. શ્રી કનુભાઈ દેસાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, વ્યાપાર-મૈત્રીપૂર્ણ વાતાવરણને ઉત્તેજન આપવું, રોકાણ આકર્ષવું અને નવીનતા અપનાવવી એ આ મિશનના મહત્ત્વના ઘટકો છે. રાજ્યના પ્રયાસો ગ્રીન હાઈડ્રોજન જેવા વિકસતા વિસ્તારો સુધી વિસ્તરે છે, જે ગુજરાતને સસ્ટેનેબલ આર્થિક વૃદ્ધિ અને નવીનીકરણીય ઉર્જા નવીનતા માટે વૈશ્વિક હબ તરીકે સ્થાન આપે છે. વૈશ્વિક ભાગીદારી અને ઓફશોર પવન ઉર્જા ક્ષેત્રની મહત્વાકાંક્ષાઓ ક્લાઈમેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (CIF)ના પ્રતિનિધિઓ અને અગ્રણી આંતર રાષ્ટ્રીય હિતધારકો સાથેની દ્વિ-પક્ષિય બેઠક દરમિયાન ઓફશોર પવન ઊર્જા ક્ષેત્રમાં ગુજરાતની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. દરિયાકિનારે અંદાજિત ૩૫-૪૦ ગીગાવોટ ઓફશોર પવનની સંભવિતતા ધરાવે છે, ગુજરાત ભારતના સ્વચ્છ ઉર્જા લક્ષ્યાંકોમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા તૈયાર છે. શ્રી દેસાઈએ વ્યૂહાત્મક નીતિઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને વૈશ્વિક નેતાઓ સાથે સહયોગી સાહસો દ્વારા મજબૂત ઓફશોર વિન્ડ ઈકોસિસ્ટમ બનાવવાના રાજ્યના વિઝનને સ્પષ્ટ કર્યુ હતુ. ડેનમાર્કના મેન્યુફેક્ચરિંગ એસોસિએશન અને MKT કંપની જેવી કંપનીઓ સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપીને, ગુજરાતે ઓફશોર વિન્ડ એનર્જી રોકાણો માટે એક અગ્રણી સ્થળ તરીકે સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

**માનવ એટલે શું? અને માનવ બની રહેવું? આ બંને વચ્ચે શું ભેદ છે? શરીર રચનાની દ્રષ્ટિએ આપણે બે હાથ છે, બે પગ છે, બે કાન છે, બે આંખ છે, એક નાક છે!**

# એકવીસમી સદીના વિકાસની આડ અસર તરીકે, આજના સમયમાં માનવીમાંથી માનવતા ઘટતી જાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**રામાયણનો એક પ્રસંગ છે, શૂર્પણખાનો પ્રસંગ આપણે સૌ જાણીએ છીએ ગોદાવરી તટ પરનો છે, બાપુની વાણીએ તો સ્વયં સરસ્વતી બિરાજે છે, એટલે એનો મહિમા તો અપરંપાર છે, પરંતુ શૂર્પણખા જ્યારે પંચવટીમાં પ્રવેશે છે, અને રામ લક્ષ્મણને જુએ છે, એની પર મોહિત થઈ જાય છે, અને એને ખ્યાલ આવે છે કે, મારા રાક્ષસી સ્વરૂપને તો આ લોકો કેમેય પસંદ ન કરે!**


આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ભારતીય હિન્દુ સંસ્કૃતિ ઘણી રીતે ખૂબ જ ઊંચી કક્ષા ધરાવે છે, અને એ સૌ કોઈ માને કે ન માને પણ એક સત્ય હકીકત છે. ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો કોઈ અમૂલ્ય વારસો હોય તો એ એની પાસેના એના સદ ગ્રંથો છે. વેદ ઉપનિષદ થી શરૂ કરીને મહાભારત સુધીના તમામ ગ્રંથો ખૂબ જ મૂલ્યવાન છે, દરેકને જો જીવન ચરિત્ર બનાવવું હોય તો, કોઈને કોઈ ગ્રંથનો સહારો લઈને તે એ કાર્ય સંપન્ન કરી શકે, એટલું સક્ષમ અને સુદ્રઢ પણ છે. ચારે વેદોની સંસ્કૃતિનો ઈતિહાસ ખૂબ જ જૂનો છે,પણ મૂળ વાત એ છે કે વેદ કે વૈદિક શાસ્ત્ર સુધી દરેક વ્યક્તિ પહોંચી શકતા નથી, કારણ કે એ આપણી બોલચાલની ભાષા નથી. તો આપણને પ્રશ્ન થાય કે તો પછી આપણે એનો હાર્દ કઈ રીતે પામી શકીએ? વિશ્વના તમામ ધર્મનો સંદેશ છે! કે માનવ તરીકે જન્મ્યો છે તો માનવ બનીને રહે! પણ આપણે તેના બિલગ બિલગ અર્થ કરીને માનવતાનાં ધર્મની મુખ્ય વિભાવના હતી, એને જ બગાડી નાખી. આજ ચરિત્રની ઓળખમાં તુલસીદાસજી જેને અવતાર કહ્યો છે એ માનવ અવતાર વિશે વાત કરીશું. માનવ એટલે શું? અને માનવ બની રહેવું? આ બંને વચ્ચે શું ભેદ છે? શરીર રચનાની દ્રષ્ટિએ આપણે બે હાથ છે, બે પગ છે, બે કાન છે, બે આંખ છે,એક નાક છે! એમ કુલ દસ કર્મેન્દ્રિય અને એક અદ્રશ્ય મન લઈને માનવ જન્મ થાય છે. એ જ રીતે આજે પણ જન્મીએ છીએ, અને એ જ રીતે આજે પણ મરીએ છીએ, તો આમાં માનવ હોવું એને જુદું કેમ કહેશું!; શરીરની દ્રષ્ટિએ આપણે માનવ છીએ, પણ ક્યાંક હિંસક પશુતા પ્રવેશી ગઈ છે, તો ક્યાંક દયા છૂટતા દાનવ પણું પ્રવેશી ગયું છે. વૃત્તિ ઓ ભડકીલી બની છે, અને સૌ કોઈ પોતાની વિદ્યાના સોદા કરતાં હોય એવું વાતાવરણ આપણે ઉભું કર્યું. વિદ્યાનો અર્થ અહીં આપણે આવડત કરીશું. એટલે કે જે કંઈ પોતાની આવડત હોય એનાથી આપણે કેમ કોઈને છેતરી લેવાં, કેમ કોઈ પાસેથી પડાવી લેવું, કમાઈ લેવું, બસ એવી બધી વૃત્તિઓ પ્રભાવક બની ગઈ છે, અને એને કારણે માનવતા વિસરાઈ ગઈ છે. ઈમારતને લાખ રંગરોગાન કરીએ તો પણ ધરતીકંપ આવે ત્યારે પાયો નબળો હોય તો એ પડી જાય, અતિવૃષ્ટિમાં પણ ખતરો રહે, વાવાઝોડું આવે તો પણ ધરાશયી થઈ જવાની શક્યતા રહે! એમ



આપણે દિવાળીના તહેવારો માં આપણી આ દેહની ઈમારતને બહારથી લાખ રંગરો ગાન કર્યા એટલે કે એને સુંદર દેખાડવા માટેના પ્રયત્નો કર્યા, પણ જ્યાં સુધી અંતરમાં વિકાર હશે! ત્યાં સુધી એને આવા અકસ્માતનો ભોગ બનવાની પૂરેપૂરી સંભાવના છે. રામાયણનો એક પ્રસંગ છે, શૂર્પણખાનો પ્રસંગ આપણે સૌ જાણીએ છીએ ગોદાવરી તટ પરનો છે. બાપુની વાણીએ તો સ્વયં સરસ્વતી બિરાજે છે, એટલે એનો મહિમા તો અપરંપાર છે. પરંતુ શૂર્પણખા જ્યારે પંચવટીમાં પ્રવેશે છે, અને રામ લક્ષ્મણને જુએ છે, એની પર મોહિત થઈ જાય છે, અને એને ખ્યાલ આવે છે કે, મારા રાક્ષસી સ્વરૂપને તો આ લોકો કેમેય પસંદ ન કરે! એટલે એક સુંદર સ્ત્રીનું રૂપ ધારણ કરે છે. પ્રભુની લીલા અપરંપાર છે, અને એ જાણી જાય છે કે, આ તો રાક્ષસી છે. પણ પોતાના અસલી સ્વરૂપમાં આવે પછી જ તેના નાક કાન કાંપવા એવું વિચાર્યું હશે. એ માટે થઈને બંને ભાઈઓ ઘડીકમાં એ તારે લાયક છે, ઘડીકમાં સ્વામી તારે લાયક છે, એમ કરી શૂર્પણખાને અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં એમ મોકલે છે. અને શૂર્પણખા પોતાના અસલી દેખાવ સાથે પ્રગટ થાય છે! આ પ્રસંગનો આપણે શું અર્થ કાઢીશું! પહેલો અર્થ તો રૂપને મઠારી શકાય બદલી ન શકાય! કારણ કે એ પ્રભુએ આપેલી આપણી પહેલી ઓળખ છે, અને એણે સમજી વિચારીને જ આપણને જે કોઈ લિંગ કે રૂપ સાથે આપણને જન્મ આપ્યો એની માટેનું કંઈ ને કંઈ કારણ રહ્યું હશે. બીજું ગમે ત્યારે આપણા રૂપની સચ્ચાઈ ચતી થઈ જ જાય છે, એટલે કે જેવા હોઈએ તેવાં કાળા, નીચાં પાતળાં જાડાં અન્ય કોઈ રીતે ત્રુટિ હોય એ રીતે સમાજ સામે આપણે આવી જતા હોઈએ છીએ! અને જો આવી જ જવાના હોઈએ તો પછી એની પ્રત્યે એટલું મમત શું કામ? ત્રીજું સુર અસુરની રીતે જોઈએ તો બાહ્ય દેખાવ બદલવાથી અસુર પણુ મટતું નથી. અસૂરના ઘણા બધાં ભાવ છે, એક તો હક જમાવવો, બીજું ન મળે તો છીનવી લેવું, એની માટે હિંસક પણ થવું, મેળવવા માટે છલ કરવો, વેશ બદલવો, ચતુરાઈ કરવી, બળના પ્રયોગ કરવા એટલે કે અત્યાચાર!: અને સૌથી ખરાબ વ્યભિચાર! જે વિચારવાથી પણ આપણું અંતર કંપી જાય એવું વિચિત્ર અને બિભત્સ આચારણ કરવું. આવા બધા ભાવ જ્યારે આપણા માનસમાં પ્રવેશે ત્યારે સમજવું કે અસુર પણું આવ્યું. તો દેખીતી રીતે તો આજે પણ આપણે માનવ છીએ, પણ દરેક માનવી પોતાની જાતને પ્રશ્ન કરે કે, માનવના વેશમાં હું ક્યાંક દાનવ એટલે કે અસૂર તો નથી ને? અને ભાગ્યે જ કોઈ વિરલ બચી જશે! બાકી તો આપણે સૌ જાણીએ છીએ કે ક્યાંક ને ક્યાંક આવી વૃત્તિ હતી કે છે! એટલે માત્ર પરમાત્માની કરુણાથી જ આપણે જીવીએ છીએ. રામચરિત માનસમાં તુલસીદાસજીએ માનવને પણ અવતાર કહ્યો છે, અને એટલે તો રામ અને કૃષ્ણના અવતારો પૂર્ણ અવતાર કહેવાય છે, કારણ કે તે માનવદેહ સાથે જન્મ્યા હતા. પ્રભુએ આટલો સુંદર દેહ આપ્યો છે, એટલે કે રૂપ રંગની રીતે નહીં સ્વરૂપની રીતે, આપણે અન્ય જીવ સૃષ્ટિ કરતા ઉત્તમ છીએ! જોકે ના ના હતાં! એમ કહેવું એ વધુ યોગ્ય રહેશે! કારણકે આજે પશુઓ પણ વિચારતા હશે કે આની કરતા તો અમે સારાં કે જેવા છીએ! જેવા છીએ એવાં જ દેખાઈએ. કુતરા બિલાડા હોય તો ક્યાંક બટકું ન ભરી જાય એની આપણે એમ સાવચેતી રાખતા હોઈએ છીએ, પરંતુ માનવના સ્વરૂપમાં પણ કોઈ એવું હોઈ શકે! એ વિચાર હવે સમાજને જોતા રદ થઈ ગયો, કારણકે હોય છે પણ ખરાં! અરે ઈશ્વરે બનાવેલી કુતરા બિલાડાની જાતમાં તો ભાગ્યે જ કોઈ હડકાયા થાય, પણ અહીં તો વાત જવા દો! તો જો આપણે માનવ બનવું હશે તો આપણે માનવ નથી રહ્યા એ કડવો ઘૂંટ પીવો પડશે, એટલે એને સ્વીકારવું પડશે. સતયુગમાં લખાયેલા વેદ જેવા આપણા વૈદિક શાસ્ત્રોનો અર્ક, માનવ થઈને આવ્યો છે તો, માનવ થઈને રહીએ! એ સૂત્રને પકડી આપણે સૌ આપણાં આ માનવ અવતારને ધન્ય બનાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ઠાકોરજી મંદિરમાં બિરાજે તેથી શાંતિ નહીં મળે પણ તે આપણી બુદ્ધિમાં બિરાજે તો જ ક્રાંતિ થાય જેવી રીતે સંસારના વિષયો બુદ્ધિ માં રાખો છો**


# જેને કીર્તિનો લોભ હોય અને ધનનો લોભ હોય ત્યાં દંભ આવે છે જ, એટલે દંભથી ખૂબ ચેતતા રહેવાનું



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિથી બોલાવે છે, પણ મોહક વિષયોમાં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી, જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે, બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન-અંધશ્રદ્ધા, ભક્તિ માં આ બે વિઘ્નો આવે છે, બકાસુર એટલે બગલાસુર, બગલો એ દંભનું પ્રતીક છે, તેથી તો દંભી ને બગભગત કહે છે, દંભસમાન કોઈ પાપ નથી.**

આજે સોમવાર દિવાળી વેકેશન ખુલ્યાનો પ્રથમ દિવસ ત્યારે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો બાલકૃષ્ણ પાંચ વર્ષના થયા છે. બાલકૃષ્ણને વૃંદાવન જવાની ઈચ્છા છે.ગોકુળમાં થતા ઉત્પાતો જોઈ ઉપનંદકાકાએ સૂચનકર્યું કે, આપણે બાળકોને લઈ બીજે સ્થળે કહેવા જઈએ.અત્રેથી થોડે દૂર વૃંદાવન નામનું વન છે તે રહેવાને યોગ્ય છે. આ સૂચન સર્વને ગમ્યું. બાલકૃષ્ણ સાથે બધા વૃંદાવનમાં રહેવા આવ્યાં છે. વૃંદા એટલે ભક્તિ. વૃંદાવન એટલે ભક્તિનું વન. બાળક પાંચ વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદાવનમાં લઈ જાઓ. એટલે તેને ભક્તિના વનમાં લઈ જાવ. બાળકને પાંચ વર્ષ પૂરાં થયાં પછી લાડ કરશો નહીં. લાડનો સમય ગોકુળમાં પૂરો થયો. જે મા-બાપ બાળકને સારા સંસ્કાર ન આપે તે મા-બાપ બાળકના વેરી છે. જે મા- બાપ બાળકને ધર્મનું શિક્ષણ ન આપે. ભક્તિનું શિક્ષણ ન આપે તે મા-બાપને બાળકના દુશ્મન સમજવાં. બાળકનું હૃદય કોમળ હોય છે તેને જે બાજુ વાળશો, તે બાજુ વળશે.માટે બાલ્યાવસ્થામાં બાળકોને સારા સંસ્કાર આપો તો જુવાનીમાં તે ભગડશે નહીં.એ સંસ્કાર એનું રક્ષણ કરશે. શ્રીકૃષ્ણને ઉપનંદ કાકા વનમાં લઈ જાય છે. જેને જ્ઞાની વયોવૃદ્ધ સંતોનો સંગ હોય તેને પતનની બીક રહેતી નથી. એકલો ચાલવા જાય તો પડવાની બીક રહે છે. કોઈનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે. ઈશ્વરનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે નહીં. જગતમાં સૌ પ્રત્યે સદભાવ રાખો તમારા આત્માને પ્રતિકૂળ લાગે તેવું વર્તન બીજા તરફ શકરો. તમે કોઈ જીવ પ્રત્યે કુભાવ રાખશો, તો તે જીવ તમારા પ્રત્યે કુભાવ રાખશે.જેવો ધ્વનિ વો પ્રતિધ્વનિ! સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો. સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશે અને ત્યારે એ નિદ્રા પણ ભક્તિ બનશે. કર્મનું ફળ ઈશ્વરને અર્પણ કર્યું, પછી એ ફળનો માલિક ઈશ્વર થયો .ઈશ્વર કોઈનું ઋણ રાખતો થી. એ સામું અનંતગણું કરીને વાળે છે. અનુભવ ન થાય એનો અર્થ એ નથી કે સિદ્ધાંત ખોટો પ. અનુભવ ન થાય તો માનજો, મારામાં, મારા કર્મમાં કાંઈક ખામી છે. પૂર્વજન્મના સંસ્કાર અને વાસના બળી જશે એટલે કર્મમાં આનંદ આવશે. કર્મનું ફળ ક્યારે મળશે તે કહી શકાય નહીં. ઠાકોરજી મંદિરમાં બિરાજે તેથી શાંતિ નહીં મળે પણ તે આપણી બુદ્ધિમાં બિરાજે તો જ ક્રાંતિ થાય જેવી રીતે સંસારના વિષયો બુદ્ધિમાં રાખો છો,તેવી રીતે બુદ્ધિમાં ભગવાનને વખો તો જીવન કૃતાર્થ થાય. માલણ ટોપલીમાં ફળ રાખતી, તેમ તમે તમારી બુદ્ધિની ટોપલીમાં પ્રભુને રાખો! વૃંદાવનમાં એકલા ન જવું. બીજાને પણ સત્કર્મમાં પ્રેરણા આપવી. માટે તો ગોપીઓ સાથે વૃંદાવનમાં ગયા છે. વૃંદાવનમાં



ગોવર્ધન પર્વત અને યમુનાના કિનારાઓ જોઈ રામ-કૃષ્ણને ઘણો આનંદ થયો. વૃંદાવનમાં આવ્યા પછી ભગવાન વત્સપાલ થયા છે. બાળમિત્રો સાથે તેઓ વાછરડાં ચરાવે છે.યમુનાના કિનારે બાળકો સાથે અનેક પ્રકારની રમતો રમે છે. ભગવાન પહેલાં વત્સપાલ બને છે અને પછી ગોપાળ બને છે. પહેલાં વાછરડાં ચરાવે છે, પછી ગાયોને ચરાવે છે.કોઈ કોઈ વેળા ભગવાન બંસી બજાવે છે અને જુદા જુદા પ્રકાર ની રમતોથી ગોપબાળકોને આનંદ કરાવે છે. જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિ થી બોલાવે છે, પણ મોહક વિષયો માં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી.જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે. બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન-અંધશ્રદ્ધા. ભક્તિ માં આ બે વિઘ્નો આવે છે. બકાસુર એટલે બગલાસુર. બગલો એ દંભનું પ્રતીક છે, તેથી તો દંભી ને બગભગત કહે છે. દંભસમાન કોઈ પાપ નથી. બીજાં પાપ માટે પ્રાયશ્ચિત્ત છે, પણ દંભનું પ્રાયશ્ચિત્ત નથી. જેનો સ્વાંગ ઉપરથી સારો છે,પણ જેની કરણીમેલી છે તે બકાસુર. બગલાની ચાંચમાં લોભ છે. કીર્તિનો લોભ હોય અને ધનનો લોભ હોય ત્યાં દંભ આવે છે જ. એટલે દંભથી ખૂબ ચેતતા રહેવાનું ભક્તિના કિનારે પણ દંભ પેદા થઈ જાય છે, જેમ જમુનાજી ના કિનારે કિનારે બકાસુર દેખાય છે તેમ એક સમયે શ્રીહરિ ગોપ બાળકો સાથે વાછરડાંઓ ચરાવવા વનમાં ગયા. વનમાં તેઓ જાતજાતની રમતો રમવા લાગ્યા. આ ગોપબાળકોનું ભાગ્ય તો જુઓ જેનાં દર્શન યોગીઓને પણ દુર્લભ છે,તે પરબ્રહ્મની સાથે તેઓ રમી રહ્યા છે.તેવામાં અઘાસુર ત્યાં આવ્યો. અઘાસુરને કંસે મોકલ્યો હતો.બકાસુર અને પૂતનાનો તે નાનો ભાઈ હતો.અઘ એટલે પાપ. જ્યાં અજ્ઞાન અને દંભ હોય ત્યાં પાપ આવે જ. એટલે અઘાસુર આવ્યો. અઘાસુર મોટા અજગરનું રૂપ લઈને આવ્યો અને સર્વ ગોપ બાળકોને ગળી જવાની ઈચ્છાથી મોં ફાડી માર્ગમાં સૂતો. અઘાસુર- અજગરના મુખને આ કોઈ પર્વત ની ગુફા છે એમ માની બાળકો તેમાં પ્રવેશ કરવા તૈયાર થયાં, પણ કનૈયો એમનો મુખી. એટલે બધા કહે,કનૈયા,તું આગળ થા!બાળકોને શ્રદ્ધા છે કે, અમારો કનૈયો સાથે હોય તો પછી અમને ક્યાંય જવાનો ડર નથી. શ્રીકૃષ્ણનાં મુખ સામે જોતાં હસતાં અને તાળીઓ પાડતાં ગોપબાળકો અજગરના મુખમાં પેસી ગયાં. ગોપ બાળકોને બચાવવા ભગવાને પણ અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો. ગમે ત્યાં જાઓ ગમે તે કાર્ય કરો, પણ ભગવાનને કાયમ સાથે રાખજો. એને મુખી કરી આગળ કરશો તો તમારો જયજયકાર થશે. માટે પ્રભુને સાથે લઈને ફરો. પ્રભુને એટલે ઠાકોરજીની મૂર્તિને નહીં, પણ અંતરમાં ઠાકોરજીના સ્વરૂપને! અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ત્યારે બાળકો તાળી પાડતાં ગયાં છે.ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે.લૌકિક અને પરમત ભાષા ગૌણ છે. એટલે ભાગવતનો અર્થ જેને સમાધિનો અભ્યાસ છે તે સમજી શકશે. વિલાસીને ભાગવતનો અર્થ સમજવો મુશ્કેલ છે.તાળીએ નાદ બ્રહ્મ છે.નાદ બ્રહ્મ અને નામ બ્રહ્મ એક થાય, ત્યારે પરબ્રહ્મ પ્રગટ થાય. અંદર જઈને ભગવાને વિશાળ રૂપ ધારણ કર્યું એટલે અઘાસુરના પ્રાણ બ્રહ્મરંધ્રમાંથી બહાર નીકળ્યા અને બાળકો તેમજ વાછરડાંઓ બહાર આવ્યાં. અઘ એટલે પાપ. અઘાસુર એ પાપનું સ્વરૂપ છે.પાપમાં-પાપસાથે રમે છે તે અઘાસુર.પાપ કરવામાં જે સુખ માને તે અઘાસુર કેટલીક વખત જોવામાં આવે છે કે, પાપી સુખ ભોગવતો હોય છે, પણ આ તો તેના પૂર્વજન્મનાં કોઈ પુણ્યનું ફળ છે એમ માનવું. બાકી પાપનું પરિણામ દુઃખ જ છે. પાપ કરનારો કોઈ દિવસ સુખી થયો નથી અને સુખી થવાનો નથી. કોઈ પુણ્યશાળી જીવ દુઃખી દેખાય તો સમજવું કે, તે તેના અગાઉના જન્મના કોઈ પાપનું ફળ ભોગવે છે. પુણ્યનું પાપમાંથી છૂટવા માટે પ્રતિકૂળની સામે અનુકૂળતા ઊભી કરો! મનુષ્યને કોઈ કોઈ વખત હું પાપ કરી રહ્યો છુંતેનું ભાન થાય છે પણ તે પાપને છોડી શકતો નથી.પાપના પંજામાં થી છૂટવું કઠણ છે. અતિશય પુણ્યનું જોર ન હોય ત્યાં સુધી પાપની આદત છૂટતી નથી. માટે જ્યાં સુધી ઈન્દ્રિયોને પાપકરવાની આદત છે, ત્યાં સુધી તેને ભક્તિ રસ મળશે નહીં. પાણીથી ભરેલા લોટામાં દૂધ ભરવું હશેતો પાણીને બહાર કાઢી નાખવું પડશે. મનમાં પાપનો વિચાર આવે તે જ ક્ષણે તેને કાપી નાખો. કદાચ પાપ થઈ જાય તો પ્રભુ પાસે રડી પડો કે, પ્રભુ, મારા પાપની ક્ષમા કરો! અંતરથી રડશો તો પ્રભુ દયાળુ છે, દયા કરશે જ.પાપ મોં ફાડી સામે ઊભું છે. અઘાસુર અજગરરૂપે આવેલો.મનુષ્ય સાવચેત ન રહે તો પાપરૂપી અજગર તેને ગળી જાય છે.એ ગળવા તૈયાર જ ઊભો છે. પાપ શરીરમાં પ્રવેશ કરશે, તો પછી એ તમને છોડશે નહીં.જેના મનમાં ઘરમાં પાપ છે ત્યાં પરમાત્મા આવતા નથી. એટલે પરમાત્માને ઘરમાં સ્થાપવા હોય તો પાપથી દૂર રહેજો. અસ્તુ.

# ૫૪૦ ફિલ્મો કરવા છતા ભાડાના મકાનમાં રહે છે સ્ટાર અનુપમ ખેર

## અનુપમએ શિમલામાં આઠ બેડરૂમનો આલીશાન એપાર્ટમેન્ટ તેમના માતાને ભેટમાં આપ્યો હતો

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા અનુપમ ખેરે સિનેમા જગતમાં ૪૦ વર્ષ પૂર્ણ કર્યા છે. ૬૮ વર્ષની ઉંમરમાં પણ અભિનેતા સતત કામ કરી રહ્યા છે. હાલમાં જ તેની નવી ફિલ્મ 'વિજય ૬૯' ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ કરવામાં આવી છે, જેને દર્શકો દ્વારા ખૂબ પસંદ કરવામાં આવી રહી છે. અનુપમ ખેરે પોતાની કારકિર્દીમાં ૫૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે અને તેઓ કરોડોની સંપત્તિ ધરાવે છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે આ કરોડપતિ અભિનેતા પાસે પોતાનું ઘર નથી અને તે આજ સુધી ભાડાના મકાનમાં રહે છે. હાલમાં જ એક ઈન્ટરવ્યુમાં અનુપમ ખેરે પોતાના જીવનના સંઘર્ષો વિશે વાત કરી હતી. અભિનેતાએ કહ્યું કે મારી પાસે પોતાનું ઘર નથી. અનુપમ ખેરે કહ્યું, 'મારી પાસે મારું પોતાનું ઘર નથી. હું મુંબઈમાં ભાડાના મકાનમાં રહું છું. મને દર મહિને ભાડું ચૂકવવું ગમે છે.' અનુપમ ખેરે કહ્યું, 'હું ભાડાના એપાર્ટમેન્ટમાં રહું છું કારણ કે મેં નક્કી કર્યું છે કે મારે ઘર ખરીદવું નથી. કોના માટે ખરીદું? દર મહિને ભાડું ચૂકવો અને આરામથી જીવો. જે પૈસાથી તમે ઘર ખરીદી શકો છો, તેને બેન્કમાં રાખો અને તેનો ઉપયોગ ભાડું ચૂકવવા માટે કરો.'અનુપમ ખેરે વધુમાં કહ્યું કે, 'હું મારી કમાણીનો એક ભાગ દાનમાં આપું છું અને કંઈક એવું કરવા માંગું છું જેનાથી લોકો મને યાદ કરે. તે માને છે કે પૈસાનો યોગ્ય રીતે ઉપયોગ સમાજના ભલા માટે થવો જોઈએ અને માત્ર ભૌતિક સંપત્તિ ભેગી કરવા માટે નહીં.'અનુપમ ખેરે પોતાના માટે ઘર નથી ખરીદ્યું, પરંતુ અભિનેતાએ પોતાની માતાનું પોતાનું ઘર રાખવાનું સપનું ચોક્કસ પૂરું કર્યું છે. અનુપમ ખેરે શિમલામાં આઠ બેડરૂમનો આલીશાન એપાર્ટમેન્ટ તેમના માતાને ભેટમાં આપ્યો હતો. તેની માતા ઈચ્છતી હતી કે તે



મને ઘરમાં રહેવું ક્યારેય પસંદ નહોતું : શ્રુતિ

# જાણીતી અભિનેત્રી પિતાના ફેમથી કંટાળી, પોતાની ઓળખ બનાવવા મુંબઈ આવી ગઇ

અભિનેત્રી શ્રુતિ હાસન ફેમસ અભિનેતા કમલ હાસન અને સારિકાની મોટી પુત્રી છે. આ સ્ટાર પેરેન્ટ્સના ૨૦૦૨માં છૂટાછેડા થઈ ગયા હતા. લોકો સતત શ્રુતિ હાસનને તેના માતા-પિતાના છૂટાછેડા વિશે પૂંછતા હોવાથી કંટાળી ચેંન્નઈ છોડી મુંબઈ આવી ગઈ હતી. અને તે પોતાની આગવી ઓળખ બનાવવા માંગતી હતી. શ્રુતિનું કહેવું છે કે, ''હું મારા માતા-પિતાના છૂટાછેડા બાદ તે મુંબઈ આવી ગઈ હતી, કારણ કે તે તેના પિતાની ફેમથી કંટાળી ગઈ હતી. અને તે પોતાની આગવી ઓળખ બનાવવા ઈચ્છતી હતી. તેમજ લોકો મને સતત મારા પિતા વિશે પૂછતા રહેતા હતા. મને એવું લાગતું હતું કે, બધું હંમેશા તેમના વિશે જ હતું.''એટલે મેં વિચાર્યુ કે, હું શ્રુતિ છું, અને મારે મારી આગવી ઓળખ બનાવવી જોઈએ. લોકો મારી તરફ ઈશારો કરીને કહેતા કે અરે આ કમલની દીકરી છે. મારો ઉછેર બે જિદ્દી લોકો દ્વારા કરવામાં આવ્યો હતો અને તેની અસર મારા અને મારી બહેન પર પણ પડી છે જો કોઈએ મને પૂછ્યું હોત તો, હું ના પાડત અને કહેતી કે, મારા પિતા ડૉ. રામચંદ્રન છે.''આ અમારા ડેન્ટિસ્ટનું નામ હતું અને હું પૂજા રામચંદ્રન છું, આ નામ મેં જાતે બનાવ્યું છે. હું બાળપણથી જ જાણતી હતી કે, તે દરેક લોકોથી અલગ છે, જેને હું મળી છું. મારો ઉછેર બે જિદ્દી લોકો દ્વારા કરવામાં આવ્યો હતો અને તેની અસર મારા અને મારી બહેન પર પણ પડી છે. જ્યારે તેઓ અલગ થયા ત્યારે હું મુંબઈ આવી ગઈ હતી. 'શ્રુતિનું કહેવું છે કે, 'મને અહીં રહેવું ક્યારેય પસંદ નહોતું. પરંતુ જ્યારે દરેક જગ્યાએ પપ્પાના પોસ્ટર લાગ્યા તો, તેમની ફેમથી હું કંટાળી ગઈ હતી અને પોતાની જાતને અલગ કરવા માંગતી હતી. જો કે, આજે પરિસ્થિતિ ઘણી અલગ છે. હું કમલ હાસન વિના શ્રુતિની કલ્પના પણ કરવા માંગતી નથી.'



# તારક મહેતા સિરીયલની સોનું(ઝીલ મહેતા)લગ્નના બંધનમાં બંધાશે

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની સોનુ એટલે કે, ઝીલ મહેતાના લગ્ન થવા જઈ રહ્યા છે. ઝીલ મહેતાના ઘરમાં લગ્નની તૈયારીઓ ચાલી રહી છે. તો જાણીએ ક્યારે સોનુ લગ્નના બંધનમાં બંધાશે.ટીવી સિરીયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં કામ કરી ચૂકેલી સોનુ એટલે કે, ઝિલ મહેતા લગ્નના બંધનમાં બંધાવા જઈ રહી છે. ઝીલ મહેતાએ બોયળેન્ડ આદિત્ય દુબે સાથે જાન્યુઆરી ૨૦૨૪માં સગાઈ કરી હતી, તેમણે હાલમાં પોતાના ઘરનો વીડિયો પણ શેર કર્યો હતો, હવે ઝિલ મહેતાના લગ્નની તારીખ પણ સામે આવી ચૂકી છે.તારક મહેતા કા ઉલ્ટા ચશ્માની નાની સોનુ ભિડે આજે પણ ચાહકોની ફેવરિટ છે. આ રોલ ઝીલ મહેતાએ નિભાવ્યો હતો. હવે ઝીલ મહેતા લગ્ન કરવા જઈ રહી છે. તે એક્ટિંગ છોડી બિઝનેસ કરે છે.રિપોર્ટ મુજબ તમને જણાવી દઈએ કે, ઝીલ મહેતાના લગ્ન ૨૮ ડિસેમ્બરના રોજ છે. ઝીલ મહેતા મંગેતર અને કન્ટેટ ક્રિએટર આદિત્ય દુબે સાથે સાત ફેરા લેશે. ઝીલ મહેતાએ જણાવ્યું કે, લગ્ન ટ્રેડિશનલ અંદાજમાં થશે. ઝીલ મહેતાએ બોયળેન્ડ આદિત્ય દુબે સાથે જાન્યુઆરી ૨૦૨૪માં સગાઈ કરી હતી. તેમણે હાલમાં પોતાના ઘરનો વીડિયો પણ શેર કર્યો હતો. જેમાં પોતાના લગ્ન માટે ઝીલ મહેતા અને આદિત્ય ડાન્સની પ્રેક્ટિસ કરી રહ્યા છે.જો આપણે ઝીલ મહેતાના કરિયરની વાત કરીએ તો તે એક્ટિંગ છોડી મેકઅપ આર્ટિસ્ટ બની ગઈ હતી. ત્યારબાદ સેફ સ્ટુડન્ટ હાઉસિંગના નામે પોતાનો બિઝનેસ ચલાવે છે. જેના માટે તે વિદ્યાર્થીઓને રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપે છે.




# હુમા કુરેશીએ પહેલી બૂક શારજાહમાં લોંચ કરી હતી

હુમા કુરેશીએ શારજાહમાં એક ઈન્ટરનેશનલ બૂક ફેરમાં હાજર રહી હતી. જેમાં તેણે પોતાની પહેલી સુપરવુમન કેરેક્ટર પર આધારિત એક નવલકથા 'ઝેબા-ધ એક્સિડેન્ટલ સુપરહિરો' લોંચ કરી હતી. ઝેબા એક ૩૦ વર્ષની આસપાસની ઉંમરની છોકરી છે, જેને દુનિયાને બચાવવાનું કામ સોંપવામાં આવ્યું છે.આ નવલકથા વિશે વાત કરતાં હુમાએ જણાવ્યું, ''મને હંમેશા જે લોકો પર્ફેક્ટ નથી તેમ છતાં મહાન કામો કરતા હોય, એ વિચારે બહુ આકર્ષી છે. ઝેબાની ખામીઓ છે, તેની પણ નબળાઈઓ છે, તે પણ મુશ્કેલીમાં મુંઝાઈ જાય છે. આ પ્રકારની વાર્તાઓ આપણને એ માનવા પ્રેરે છે કે આપણામાં પણ અંદર એક હિરો છુપાયેલો છે. તેથી આ પાત્ર સાથે આપણે આપણી જાતને જોડી શકીએ છીએ.''આ નવલકથાના પાત્રો વિશે હુમા કહે છે, ''મને લાગે છે કે બધા જ પાત્ર હું જ છું. આ બૂકની ખાસિયત એ છે કે તેનું દરેક પ્રકરણ પહેલા પુરુષમાં લખાયેલું છે અને દરેક પ્રકરણનું અલગ પાત્ર છે, જે પુસ્તકને આગળ લઈ જાય છે. જેમકે, એક પ્રકરણ ઝેબા અને તેના અંદરના અવાજ પર હોય તો બીજું પ્રકરણ તેના માતા કે પિતા હોઈ શકે છે. આ પ્રક્રિયા અને એક એક્ટર તરીકે આ પ્રકારનું વર્ણન મારા માટે બહુ રસપ્રદ હતું.''આ નવલકથા લખવાની પ્રક્રિયા વિશે હુમાએ જણાવ્યું હતું, ''ઝેબાનો જન્મ કોવિડના સમયે થયો હતો. હું એવી વ્યક્તિ છું જેને હંમેશા કામ કરતાં રહેવું અને એક પછી એક કામનું આયોજન કરતાં રહેવું ગમે છે. તેથી જ્યારે પેન્ડેમિક આવ્યું અને મારી પાસે બહુ સમય હતો, ત્યારે અંદરથી આ બધું બહાર આવવા લાગ્યું.''

# જયા બચ્ચનને કોણ કહેશે? દિલ કા દરવાજા ખોલ ના ડાર્લિંગ

સિદ્ધાંત ચતુર્વેદી અને વામિકા ગબ્બીની રોમેન્ટિક કોમેડી ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ગયું છે. 'દિલ કા દરવાજા ખોલ ના ડાર્લિંગ' નામ ધરાવતી આ ફિલ્મમાં જયા બચ્ચન પણ તેમની સાથે મહત્ત્વના રોલમાં છે. જયા બચ્ચનના ચહેરા પર સ્માઈલ હોય તેવા ફોટોગ્રાફ ખૂબ જૂજ જોવા મળે છે, પરંતુ ફિલ્મના પોસ્ટરમાં જયા બચ્ચન ખુશ મિજાજ જણાય છે વિકાસ બહેલના ડાયરેક્શનમાં બની રહેલી આ ફિલ્મના પ્રથમ શીડ્યુલનું શૂટિંગ ગોવામાં ચાલી રહ્યું છે. હોરર કોમેડી અને સીક્વલના દોરમાં રોમેન્ટિક-કોમેડી જોનરની અજમાવેલી ફોર્મ્યુલા સાથે આ ફિલ્મ આવી રહી છે. ટિપ્સ અને બાવેજા સ્ટુડિયોઝ દ્વારા તેનું પ્રોડક્શન હાથ ધરાયું છે. બોલિવૂડના જાણીતા પ્રોડક્શન હાઉસ સંકળાયેલા હોવા છતાં 'દિલ કા દરવાજા ખોલ ના ડાર્લિંગ'ને ઓછા બજેટથી બનાવવાનું આયોજન છે. ફિલ્મમાં સ્ટારકાસ્ટ કે મોંઘા લોકેશન્સ પર તોતિંગ ખર્ચ કરવાના બદલે રોમાન્સ અને કોમેડીની ઝરમરથી ઓડિયન્સને ભીંજવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. છેલ્લા ઘણાં સમયથી ઓડિયન્સને મોંઘા સેટ્સ અને ભવ્ય વીએફએક્સ સાથેની બિગ બજેટ ફિલ્મો જોવા મળી રહી છે ત્યારે બોલિવૂડની હિટ ફોર્મ્યુલા કેટલી અસરકારક રહે છે તે જોવું રહ્યું. જયા બચ્ચન છેલ્લે કરણ જોહરની 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની'માં રણવીર સિંહના દાદીના રોલમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં તેમનું કેરેક્ટર નેગેટિવ હતું. સામાન્ય રીતે જયા બચ્ચન સિરિયસ રોલમાં જોવા મળતાં હોય છે. જો કે 'દિલ કા દરવાજા ખોલ ના ડાર્લિંગ'માં તેમનું કેરેક્ટર રમૂજી હોય તેવું જણાય છે. પોસ્ટરને જોતાં તેમણે આ ફિલ્મમાં સિંગરનો રોલ કર્યો હોવાનું લાગે છે.







'છાવા' પછી વિકી કૌશલ હવે વધુ એક માઇથોલોજિકલ ફિલ્મમાં રોલ

# વિકી કૌશલનો 'મહાઅવતાર' ભગવાન પરશુરામનો રોલ કરશે

પહેલાં છેલ્લાં બે દિવસથી વિકી કૌશલ વધુ એક માઈથોલોજિકલ ફિલ્મમાં કામ કરવાનો હોવાની ચર્ચાઓ ચાલી હતી. મેડોક ફિલ્મ્સ હોરર કોમેડી પછી હવે એક માઈથોલોજિકલ ફિલ્મ બનાવવા જઈ રહ્યું છે. બુધવારે આ ફિલ્મનો પહેલો લૂક લોંચ કરવામાં આવ્યો હતો. જેમાં વિક્કી કૌશલ ચિરંજિવી ભગવાન પરશુરામનો રોલ કરવાનો છે. યોદ્ધા ભગવાન પરશુરામની ફિલ્મને 'મહાઅવતાર' નામ આપવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર આ પોસ્ટર શેર કરવામાં આવ્યું હતું. આ પોસ્ટર શેર થતાં જ વિકીના ફેન્સ ઉત્સાહમાં આવી ગયા છે. લોકોએ વિકી કૌશલને એક કાચિંડા સાથે સરખાવ્યો છે, જે દરેક ફિલ્મના પાત્રમાં સરળતાથી પોતાની જાતને ઢાળી દે છે. પરશુરામના અવતારમાં વિકી લાંબા વાળ અને લાંબી દાઢી-મૂછ સાથે એકદમ આક્રમક અવતારમાં જોવા મળે છે. સાથે જ એનું બૉડી પણ યોદ્ધા જેવું દેખાય છે. વિકીએ આ પોસ્ટર શેર કરતાં કૅપ્શનમાં લખ્યું હતું,''દિનેશ વિજાન લઈને આવે છે ધર્મના યોદ્ધાની સ્ટોરી! મહાવતારમાં વિકી કૌશલ ચિરંજિવી પરશુરામ તરીકે જોવા મળશે, જે અમર કૌશિક દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે અને ક્રિસમસ ૨૦૨૬ પર સિનેમામાં રજૂ થશે.''જોકે, વિકીના ફેન્સ દ્વારા અત્યારથી જ આ ફિલ્મને બ્લોકબસ્ટર જાહેર કરી દેવામાં આવી છે. તેમણે વિકી કૌશલને સહજતાથી બ્લોકબસ્ટર ફિલ્મો આપતો કલાકાર ગણાવ્યો હતો. લોકો હજુ તો આતુરતાપૂર્વક 'છાવા'ની રાહ જોઈ રહ્યા છે, ત્યાં તો 'મહાઅવતાર'ની જાહેરાત થઈ ગઈ છે.ડિસેમ્બરમાં વિકીની 'છાવા' રિલીઝ થશે. ત્યાર બાદ વિકી કૌશલ રણબીર કપુર અને આલિયા ભટ્ટ સાથે સંજય લીલા ભણસાલીની 'લવ એન્ડ વૉર'માં કામ કરશે. ત્યાર બાદ તે 'મહાઅવતાર'માં જોવા મળશે.





## દિલજીતના કોન્સર્ટ પર તેલંગાણા સરકારનું ફરમાન

# 'પટિયાલા પેગ' ગીત ન ગાતો, બાળકને સ્ટેજ પર ન બોલાવતા

## WHOની ગાઈડલાઈન અનુસાર એડલ્ટને ૧૪૦ ડીબીથી વધુ સાઉન્ડ પ્રેશરના કદાપી સંપર્કમાં આવવું જોઈએ નહીં

ફેમસ પંજાબી સિંગર દિલજીત દોસાંજ ફરીથી ચર્ચામાં છે. તેના લાઈવ શો અને તેને લઈને ચાલુ વિવાદને જોતાં તેલંગાણા સરકાર એલર્ટ પર છે. સિંગરનો ૧૫ નવેમ્બરે હૈદરાબાદમાં કોન્સર્ટ થવાનો છે. તેને લઈને તેલંગાણા સરકાર તરફથી ઈવેન્ટના ઓર્ગેનાઈઝર્સને નોટિસ મોકલવામાં આવી છે. નોટિસ અનુસાર આરોગ્યને ધ્યાનમાં રાખતાં બાળકોને સ્ટેજ પર બોલાવવાથી રોકવામાં આવ્યા છે. જેથી તેમને હાઈ સાઉન્ડ લેવલથી બચાવી શકાય જે WHO ની ગાઈડલાઈનથી આદેશાનુસાર બાળકો માટે સેફ નથી. આ આદેશોનો હેતું બાળકોના લાઈવ શો દરમિયાન લાઉડ મ્યૂઝિક અને ફ્લેશ લાઈટથી બચાવવાનો છે. આ સિવાય દિલજીતને સ્ટેજ પર એવા ગીતને ગાવાની મનાઈ છે જે દારૂ, ડ્રગ્સ, વાયલન્સને પ્રમોટ કરે છે.WHOની ગાઈડલાઈન અનુસાર એડલ્ટને ૧૪૦ ડીબીથી વધુ સાઉન્ડ પ્રેશરના સંપર્કમાં આવવું જોઈએ નહીં. બાળકો માટે આ લેવલ ૧૨૦ ડીબી સુધી ઓછું થઈ જાય છે. તેથી બાળકોને લાઈવ શો દરમિયાન સ્ટેજ પર લઈ જવા જોઈએ નહીં કેમ કે સ્ટેજ પર સાઉન્ડ લેવલ ૧૨૦ ડીબીથી વધુ હોય છે. નોટિસમાં દિલજીતે જૂના કોન્સર્ટના વીડિયોના પુરાવા રજૂ કર્યા છે જ્યાં દારૂ, ડ્રગ્સને પ્રમોટ કરતાં ગીત ગાવામાં આવ્યા. જેમ કે સોન્ગ પટિયાલા પેગ, પંજ તારા... દિલજીતે દિલ્હીના જવાહરલાલ સ્ટેડિયમમાં થયેલા દિલ-લુમનાતી કોન્સર્ટમાં ગાયેલા છે.



'લવ એન્ડ વોર' ઈદ ૨૦૨૬માં રિલીઝ થશે | મહત્ત્વપૂર્ણ તહેવારો પર બોક્સઓફિસ પર છવાઈ જવાનો ઈરાદો

# ૨૦૩૦ સુધી ૬ બિગ બજેટ ફિલ્મો ફાઈનલ

રણબીર કપૂરને એનિમલની સફળતાએ બોલિવૂડના એ-ગ્રેડ સ્ટારના લિસ્ટમાંલાવી દીધો છે. રણબીર કપૂરની કરિયર હાલ એવા તબક્કે છે, જ્યાં તેને સમકાલીન એક્ટર્સ સાથે સ્પર્ધાની ચિંતા નથી. ૨૦૨૬થી ૨૦૩૦ દરમિયાન રણબીર કપૂરની ૬ બિગ બજેટ ફિલ્મો ફાઈનલ થયેલી છે અને હાલ અલગ-અલગ તબક્કામાં છે. રણબીર કપૂર દરેક ફિલ્મમાં પોતાના કેરેક્ટરને વાસ્તવિક બનાવવા તનતોડ મહેનત કરી રહ્યો છે અને તેની આ નિષ્ઠાના કારણે જ ફિલ્મ મેકર્સનો માનીતો બની રહ્યો છે. રણબીર કપૂરની લાઈન અપ થયેલી ફિલ્મોમાંથી સૌ પ્રથમ 'લવ એન્ડ વોર' ઈદ ૨૦૨૬માં રિલીઝ થવાની છે. સંજય લીલા ભણસાલીના ડાયરેક્શનમાં 'લવ એન્ડ વોર'નું શૂટિંગ ચાલી રહ્યું છે અને ૨૦૨૫માં જૂન સુધી પૂરું થવાની શક્યતા છે. આ ફિલ્મ માર્ચ ૨૦૨૬માં રિલીઝ કરવાનું આયોજન છે. નીતેશ તિવારીના ડાયરેક્શનમાં 'રામાયણ'ના કેટલાક ભાગનું શૂટિંગ થઈ ગયું છે અને તેને દિવાળી ૨૦૨૬માં રિલીઝ કરાશે. રણબીરે 'રામાયણ'માં પોતાના ભાગનું શૂટિંગ પૂરું કરી દીધું છે. 'લવ એન્ડ વોર'માં બ્રેકના ૧૦-૧૫ દિવસ દરમિયાન રણબીર 'રામાયણ'ના પેચવર્કનું શૂટ કરી લેશે. આમ, ઈદ અને દિવાળી જેવા મહત્ત્વના તહેવારો દરમિયાન બોક્સઓફિસ પર છવાઈ જવાના ઈરાદા સાથે રણબીરે તૈયારી શરૂ કરી છે. 'લવ એન્ડ વોર'નું શૂટિંગ પૂરું થયા બાદ જૂન ૨૦૨૫થી રણબીર 'રામાયણ ૨'માં જોડાઈ જશે અને વર્ષના અંત સુધીમાં તેનું શૂટિંગ પૂરું કરી દેશે. ૨૦૨૬માં 'રામાયણ ૨'ના પેચવર્ક શૂટિંગમાં ૧૦-૧૫ થશે અને પછી વીએફએક્સ પર કામ થશે. દિવાળી ૨૦૨૭માં 'રામાયણ ૨' રિલીઝ થશે. રણબીર કપૂરે રિતિક રોશન અને આમિર ખાનની હિટ ળેન્ચાઈઝી 'ધૂમ'ની ચોથી ફિલ્મમાં કામ કરવાની તત્પરતા દર્શાવી છે. આ ફિલ્મ અત્યારે રાઈટિંગ સ્ટેજ પર છે. પ્રોડ્યુસર આદિત્ય ચોપરાએ નવા ડાયરેક્ટર અને નવા એક્ટર્સ સાથે ઉંદર-બિલાડીની રમત શરૂ કરવાનું વિચાર્યં છે. ૨૦૨૬ માર્ચ સુધીમાં 'ધૂમ ૪'નું શૂટિંગ પૂરું થઈ જાય તો તેને ૨૦૨૭માં રિલીઝ કરવાનું આયોજન છે.




# ફ્રેન્ચાઈઝીનો ક્રેઝઃ સોનુ કે ટીટુ કી સ્વીટીનો પણ બીજો ભાગ આવશે

બોલીવૂડમાં 'ભૂલભૂલૈયા થ્રી' અને 'સિંઘમ અગેઈન' હિટ જતાં તમામ સર્જકોને અને કલાકારોને પોતાની જૂની ફિલ્મોની ફ્રેન્ચાઈઝીને આગળ વધારવાની તલપ જાગી છે. કાર્તિક આર્યને પણ 'ભૂલભૂલૈયા થ્રી'ની સફળતા બાદ તેની હિટ ફિલ્મ 'સોનુ કે ટીટુ કી સ્વીટી'નો બીજો ભાગ બનાવવા પ્રયાસ શરુ કર્યા છે. કાર્તિકે જોકે આ ફિલ્મની જૂની ટીમ સાથે જ કામ કરશે કે કેમ તે હજુ નક્કી નથી. કાર્તિકની આ ફિલ્મ ૨૦૧૮માં રીલિઝ થઈ હતી. તે તેની કારકિર્દીની શરુઆતની હિટ ફિલ્મોમાંની એક મનાય છે. તેમાં નુસરત ભરુચા તેની સહકલાકાર હતી. કાર્તિક વધુ એક ફ્રેન્ચાઈઝી 'પતિ પત્ની ઔર વોહ ટૂ' માટે પણ કામ કરી રહ્યો છે. આ ફિલ્મનું શૂટિંગ મોડું શરુ થવાનું હતું. જોકે, અનુરાગ બસુની 'મેટ્રો ઈન દિનો' રી શૂટના કારણે લંબાઈ જતાં કાર્તિકની અનુરાગ બસુ સાથેની ફિલ્મનું શૂટિંગ પણ ઠેલાયું છે. તેનો લાભ લઈને કાર્તિકે 'પતિ પત્ની ઔર વોહ ટૂ ' માટે શિડયૂલ ફાળવી દીધું છે.



# માંડવીના કાણાઘાટ ગામે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે વિવિધ યોજના અંતર્ગત મંજૂર થયેલા રૂ.૨૨.૯૭ કરોડના ૧૦ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

## રસ્તાઓના નિર્માણથી ગ્રામ્ય જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશેઃ આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી



। ગાંધીનગર, તા.૧૭ ।

આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના હસ્તે માંડવી તાલુકાના કાણાઘાટ ગામે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા મંજૂર થયેલા રૂ.૨૨.૯૭ કરોડના ૧૦ જેટલા વિકાસ કામોના ખાતમુહૂર્ત કર્યું હતું. આ વિકાસકામોમાં રૂ.૭ કરોડના ખર્ચે પીપલવાડા કરૂઠા રસ્તો, રૂ.૧૭.૫૦ લાખના ખર્ચે મગતરા એપ્રોચ રોડ, રૂા.૧.૪૦ કરોડના ખર્ચે પીપલવાણ એપ્રોચ રોડ, રૂ.૫૨.૨૦ લાખના ખર્ચે દાદાકુઈ ઉપલા ફળિયા સુધીનો રસ્તો, રૂ.૧.૦૫ કરોડના ખર્ચે રખસખડી થી ડુંગરા ફળીયા રોડ, રૂ.૨.૪૫ કરોડના ખર્ચે જામકુઈ પીચરવણ ધજ રસ્તો, રૂ.૨.૪૧ કરોડના ખર્ચે લુહારવડ ફળિયાથી સોલી સુધી, રૂ.૬.૫૦ કરોડના ખર્ચે દેવગઢ લુહારવડ પર મેજર બ્રીજનું કામ, રૂ.૧૭ લાખના ખર્ચે કરૂઠા ગ્રામ પંચાયત ભવન નિર્માણનું કામ, રૂ.૧.૩૦ કરોડના ખર્ચે પીપલવણ એપ્રોચ રોડ પર સ્લેબ ડ્રેઈનનું કામ મળીને કુલ રૂા.૨૨.૯૭ કરોડના કામોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે આદિજાતિ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માંડવી તાલુકો વિકાસના કામોમાં હરણફાળ ભરી રહ્યો છે. માંડવીના દરેક ગામોમાં વિકાસ કરી રમણીય બનાવવાના સંકલ્પ સાથે સરકાર આગળ વધી રહી છે. રાજય સરકાર નાનામાં નાના વ્યક્તિની ચિંતા કરીને તેમનો વિકાસ થાય એ દિશામાં કામગીરી કરી રહી છે. ગ્રામ્ય અને શહેરી નાગરિકોની સુખ-સુવિધા માટે રાજ્ય સરકારે વિકાસકામોની ગતિ અટકે નહીં એવું લક્ષ્ય સેવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું કે,રસ્તાઓના નિર્માણથી ગ્રામ્ય જનતાની યાતાયાતની સુવિધામાં વધારો થશે, તેમજ બાકી રહેલાં કામોને આગામી સમયમાં પ્રાથમિકતા આપી ઝડપભેર પૂર્ણ કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી રાજેશભાઈ પટેલ,જિલ્લા પંચાયતના સભ્ય રોહિત પટેલ, પ્રભારી વિકાસ પટેલ, નાયબ કાર્યપાલક ઈજનેર અજયભાઈ રાઠોડ, તાલુકા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ કમલેશભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ગીતાબેન પટેલ, નાયબ મામલતદાર સમીરભાઈ ચૌધરી, જીતુભાઈ કવાડ, વિવિધ ગામોના સરપંચો સહિત તાલુકાના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કપરાડાના પ્રગતિશીલ યુવા ખેડૂતનું રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના હસ્તે સન્માન કરાયું



। ગાંધીનગર, તા.૧૭ ।

ગાંધીનગરના ગિફ્ટ સિટી કલબમાં વિકસિત ગુજરાત ૨૦૪૭ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે જિલ્લામાં પ્રસશનીય કામગીરી કરનાર કપરાડા તાલુકાના કરજુન ગામના પ્રગતિશીલ યુવા ખેડૂત રઘુનાથ ભોયાનું પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રઘુનાથ ભોયા હાલમાં આત્મા પ્રોજેક્ટ સાથે મળીને પ્રાકૃતિક ખેતીનો વ્યાપ ગામે ગામે વિસ્તરે તે માટે કપરાડા, ધરમપુર, પારડી અને ચીખલી તાલુકાના ૧૫૦૦થી વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી ચૂક્યા છે. મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવ્યા બાદ તેઓએ ખેતીમાં ઝંપલાવ્યું હતુ અને એવોર્ડ પણ મેળવ્યા છે. હાલમાં તેઓ પ્રાકૃતિક ખેતીના માસ્ટર ટ્રેનરની સાથે સાથે કપરાડા તાલુકાના સહ સંયોજક તરીકે પણ સેવા આપી રહ્યા છે. રાજ્યપાલના હસ્તે તેમનું સન્માન કરાતા વલસાડ જિલ્લાના ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી હતી.

# નેશનલ પ્રેસ ડે ની ઉજવણી નિમિત્તે વલસાડ જિલ્લા કલેક્ટર શ્રી નૈમેષ દવેના અધ્યક્ષસ્થાને પ્રેસ સેમિનાર યોજાયો

## “ચેન્જિંગ નેચર ઓફ પ્રેસ” વિષય પર આયોજિત સેમિનારમાં વક્તા તરીકે સેસિલ ક્રિસ્ટી અને મનોજ ગાંધીએ વક્તવ્ય આપ્યું



। ગાંધીનગર, તા.૧૭ ।

ગુજરાત પ્રેસ અકદામી ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે નેશનલ પ્રેસ ડેની ઉજવણી નિમિત્તે પ્રેસ સેમિનારનું આયોજન વલસાડના તિથલ રોડ પર સ્થિત ઈચ્છાબા અનાવિલ સમાજની વાડીમાં કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવે સહિતના મહાનુભાવોએ દીપ પ્રગટાવી સેમિનારને ખુલ્લો મુક્યો હતો. આ પ્રેસ સેમિનારના અધ્યક્ષ-સ્થાનેથી જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેએ નેશનલ પ્રેસ ડેનું મહત્વ સમજાવી જણાવ્યું કે, વિકટ પરિસ્થિતિમાં પોતાના જીવને પણ જોખમમાં મુકી સાચી માહિતી લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય મીડિયા કર્મીઓ કરી રહ્યા છે તેને બિરદાવુ છું. વહીવટી તંત્ર દ્વારા કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે અંગે પણ પત્રકારો ધ્યાન દોરે છે જેથી વધુ સારી કામગીરી થઈ શકે. ધરમપુરમાં ઉજવાયેલા જનજાતિ ગૌરવ દિવસની ઉજવણીનું રિપોર્ટિંગ ખૂબ જ સરસ રીતે થયુ હોવા બદલ પત્રકાર મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા. વધુમાં કલેકટ-રશ્રીએ જણાવ્યું કે, વલસાડ જિલ્લામાં ૪૭૦ માંથી ૩૩૩ ગામ એવા છે કે જેમાં સંપૂર્ણ આદિવાસી સમાજ વસે છે. આગામી પાંચ વર્ષ સુધી આ ગામમાં વસતા અંદાજે ૧૧ લાખ આદિવાસી સમાજના લોકોના કલ્યાણ માટે સરકાર દ્વારા પીએમ જનમન હેઠળ વિવિધ યોજનાના લાભો આપી તેઓને સંપૂર્ણપણે વિકાસ કરાશે. ઉમરગામ, ધરમપુર અને કપરાડામાં વિકાસ રથ દ્વારા લોકોને યોજનાકીય લાભો પણ અપાશે. વધુમાં કલેકટર શ્રીએ હાલમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો બહોળો પ્રચાર પ્રસાર કરવા સૌ મીડિયા કર્મીઓને અપીલ કરી હતી. આ પ્રસંગે સિનિયર વક્તા તરીકે ઉપસ્થિત રહેલા માહિતી ખાતાના નિવૃત્ત સંયુક્ત માહિતી નિયામકશ્રી સેસિલ ક્રિસ્ટીએ પરંપરાગત મીડિયાથી લઈને વર્તમાન મીડિયા સુધીમાં આવેલા બદલાવો ઉપર પ્રકાશ પાડી જણાવ્યું કે, ઈન્ટરનેટના આગમન બાદ મીડિયાનું સ્વરૂપ પણ બદલાયુ છે. ન્યૂઝ વહેલી તકે ઝડપથી પ્રસારિત કરવાની સ્પર્ધા પણ વધી ગઈ છે. નવા ઊભરતા પત્રકારોને દિશાનિર્દેશ આપતા શ્રી ક્રિસ્ટીએ જણાવ્યું કે, પત્રકારો લોકમતના ઘડવૈયા છે. પત્રકારોનું વિઝન હંમેશા ક્લિયર હોવુ જોઈએ. આ સાથે જ ઘણા વર્ષોથી મીડિયા સાથે જોડાયેલા પત્રકારોનું માર્ગદર્શન કરતા તેઓએ જણાવ્યું કે, વર્તમાન સમય આર્ટિફિશીયલ ઈન્ટેલીજન્સનો છે, જેથી પત્રકારોએ સતત અપડેટ પણ રહેવુ જરૂરી છે. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા વર્ષ ૨૦૨૪ના નેશનલ પ્રેસ ડે નિમિત્તે જાહેર કરાયેલી ‘‘ચેન્જિંગ નેચર ઓફ પ્રેસ’’ થીમ વિષય પર સિનિયર વક્તા અને ગુજરાત ગાર્ડિયન દૈનિકના તંત્રીશ્રી મનોજભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે, પત્રકારની ભૂમિકા માઈલસ્ટોન જેવી હોય છે. પત્રકારોએ પોતાના મૂલ્યો ભૂલવા ન જોઈએ. ગમે તેટલા બદલાવો આવે પણ વિશ્વસનીયતા હોવી ખૂબ જ જરૂરી છે. પત્રકારત્વને ચોથી જાગીર ગણવામાં આવે છે, દેશના ચારેય આધારસ્તંભ મજબૂત હોય તો લોકતંત્રને કોઈ આંચ આવે નહી. શ્રી મિસ્ત્રીએ પત્રકારોને માર્ગદર્શન આપતા જણાવ્યું કે, આપણે જે વ્યવસાય અપનાવ્યો છે તેને પ્રમાણિકતા સાથે પરિપૂર્ણ કરીએ. આવા સેમિનાર પત્રકારોમાં વાતાવરણ શુધ્ધિ માટે સકારાત્મક પૂરવાર થાય છે. પ્રેસ સેમિનારમાં પત્રકારોએ પણ પોતાના મંતવ્યો જણાવ્યા હતા. નેશનલ પ્રેસ ડે ની ઉજવણી વેળાના કાર્યક્રમમાં સુરત પ્રાદેશિક માહિતી કચેરીના સંયુક્ત માહિતી નિયામકશ્રી અમિત ગઢવીએ સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની પૂર્વભૂમિકા આપી કાર્યક્રમનો ઉદ્દેશ જણાવ્યો હતો. જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક સુશ્રી ભાવના વસાવાએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું એન્કરિંગ પ્રતિકભાઈ કોટકે કર્યુ હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત, સુરત પ્રાદેશિક કચેરીના નાયબ માહિતી નિયામકશ્રી ઉમેશ બાવીસા, જિલ્લાના પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો અને જિલ્લા માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને મળી હતી



। સુરત, તા.૧૭ ।

સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા વિકાસ અધિકારીશ્રીમતી શિવાની ગોયલના અધ્યક્ષસ્થાને મળી હતી. જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારે બારડોલી નગરપાલિકા વિસ્તારમાં આવેલી અસ્તાન કન્યા વિદ્યાલયની સામે રેલ્વે ઓવરબ્રિજની બાજુમાં સાત મીટર પહોળા સર્વિસ રોડ તથા સર્વિસ રોડની બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટે ગટર લાઈન બનાવવા માટે જગ્યા સંપાદન કરવાની સત્વરે કરવામાં આવે તેવી રજુઆત સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારીએ ડી.એલ.આર.ને માપણી તથા પંચાયત માર્ગ અને મકાન વિભાગને સંપાદનની કાર્યવાહી ઝડપી કરવાની સુચના આપી હતી. આ ઉપરાંત મગદલ્લા-ધુલીયા નેશનલ હાઈવે નં.૫૩ પર આવેલ ધુલિયા ચોકડી બ્રિજ નીચેની જગ્યા બારડોલી નગર પાલિકાને બ્યુટીફિકેશન માટે આપવાની રજુઆત સંદર્ભે હાઈવેના અધિકારીઓને સત્વરે જગ્યા ફાળવી આપવા જણાવ્યું હતું. આ ઉપરાંત વઝોળીયા ગામે વરસાદી પાણીની કોતર ખુલ્લી કરવા, બંદિવાનો દ્વારા સંચાલિત ભજીયા હાઉસ માટે જમીન ફાળવવા, મીઠા પાણીની પાઈપલાઈન લાજપોર જેલ સુધી લંબાવવા તેમજ બંદીવાનોના શિક્ષણના હેતુ માટે શિક્ષક પ્રતિનિયુકિતથી ફાળવવાની રજુઆતો કરી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ ભાવિનીબેન પટેલે સુરત જિલ્લામાંથી પસાર થતા એક્ષપ્રેસ હાઈવેના નિર્માણ માટે જમીનો સંપાદિત થયેલ છે જેમાં અમુક ખેડુતોને વળતર ચુકવાયેલ ન હોવાથી સત્વરે ચુકવણી કરવાની રજુઆત સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારીએ સત્વરે નાણાની ફાળવણી કરવા માટે સંબધિત અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે પલસાણા તાલુકાના એના, તુડી, ધામડોદ, ધલુડા ગામ ખાતે ગેસ પાઈપલાઈન નાખવાનું કામ અગાઉ શરૂ થયેલ હતું જે હાલમાં બંધ હોય સત્વરે શરૂ કરવા તથા ગેસલાઈનની કામગીરી માટે નેશનલ હાઈવેની મજુરી સત્વરે મળવા અંગેની રજુઆત સંદર્ભે હાઈવેના પ્રોજેકટ ડાયરેકટર અને ગુજરાત ગેસના અધિકારીઓએ કામગીરી પુર્ણ કરી હોવાનું જણાવ્યું હતું. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી વિજય રબારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એમ.બી.પ્રજાપતિ, પ્રાંત અધિકારીઓ, જેતે વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરાઇ





। હિંમતનગર, તા.૧૭ ।

ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી સાબરકાંઠાના સંયુક્ત ઉપક્રમે કલેકટર શ્રી ડો રતન કંવર ગઢવીચારણની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય પ્રેસ ડે ની ઉજવણી નવા સર્કિટ હાઉસ હિંમતનગર ખાતે કરાઈ હતી.

આ પ્રસંગે કલેક્ટરશ્રીએ મીડિયાના પ્રતિનિધિઓને નવ વર્ષની શુભકામના પાઠવી હતી. વહીવટી તંત્ર અને મીડિયા છેવાળાના માનવીની સુખાકારી માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે.

આ પ્રસંગે વરિષ્ઠ પત્રકાર શ્રી કેતન ત્રિવેદીએ બદલાતા જતા મીડિયા ના પ્રવાહ વિશે જણાવ્યું હતું કે, હાલમાં સોશિયલ મીડિયા માહિતીના આદાન પ્રદાનમાં મહત્વનો ભાગ ભજવે છે. માહિતીનો પ્રસાર ખૂબ જ ઝડપી થઈ રહ્યો છે આ સમયમાં પણ લોકો પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયા ઉપર વધુ ભરોસો રાખી રહ્યા છે. જેથી આપણી જવાબદારી ખૂબ જ વધી જાય છે. લોકોને ચોકસાઈપૂર્વક ઝડપી સમાચાર મળી રહે તે જોવાની જવાબદારી આપણી છે. વરિષ્ઠ પત્રકાર શ્રી શૈલેષભાઈ નાયકે આ પ્રસંગે મીડિયાના મિત્રોને સંબોધતા જણાવ્યું હતું કે બદલતા સમયમાં મીડિયાની ભૂમિકા બદલાઈ રહી છે માટે સતત સજાગ અને સતર્ક રહી પોતાના કર્તવ્ય પાલન થાય તે માટે કટિબદ્ધ રહેવુ જોઈએ તેમ જણાવી પોતાના પત્રકારત્વના અનુભવો વિશે વાત કરી હતી.

આ પ્રસંગે સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે રાષ્ટ્રીય પ્રેસ ડે ની શુભકામના પાઠવી હતી. તેમજ બદલાતા સમયના પરિપેક્ષમાં મીડિયાની ભૂમિકા અંગે ચર્ચા કરી હતી. તેમજ કાર્યક્રમની થીમ ચેન્જિંગ નેચર ઓફ પ્રેસ વિષયને અનુરૂપ સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા શ્રી વિજય પટેલ, ઈ.ચા. જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. પી. પાટીદાર, નાયબ માહિતી નિયામક શ્રી દેવેન્દ્ર કડિયા, નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુભાઈ ઉપાધ્યાય, ડો. દિવ્યેશ વ્યાસ, માહિતી કચેરીનો સ્ટાફ પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# વીર નર્મદ દ.ગુજરાત યુનિ. ખાતે “ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ” ની ઉજવણી કરવામાં આવી

। રાજપીપળા, તા.૧૭ ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના એસ.ટી.સેલ અને સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝના સંયુક્ત ઉપક્રમે ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતીની કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા અધ્યક્ષતામાં ‘‘રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ‘‘ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી.ગઢવી ઉપ સ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડૉ. કિશોરસિંહ ચાવડ-ાએ ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતીની સૌને શુભકામનાઓ પાઠવીને જનજાતિ સમુદાયના વીરો વિશે વિદ્યાર્થીઓ અને સમાજને માહિતગાર કરવા યુનિવર્સિટી પરિસર તેમજ સંલગ્ન કોલેજો ખાતે કાર્યક્રમો આયોજિન કરવા જણાવ્યુ હતું. જે અંતર્ગત યુનિવર્સિટી દ્વારા તા.૧૪ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કરવા માટે વિવિધ કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે. આગામી યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં કળશયાત્રામાં ભગવાન બિરસા મુંડા અને રાણી દુર્ગવતી તેમજ અન્ય જનજાતિ વીરોની થીમ પર આયોજન કરવામાં આવશે. આ



ઉપરાંત તેમણે જનજાતિ વીરોના જીવન અને જનજાતિ પરંપરાઓ વિષયે રાષ્ટ્રીય તેમજ આંતર રાષ્ટ્રીય સેમિનાર યોજી રિસર્ચ પ્રવૃત્તિ કરવા સૂચન કર્યુ હતું. આ અવસરે યુનિવર્સિટી એસ.ટી. વિદ્યાર્થી ઓના ડૉ. દિપક ભોયે દ્વારા જનજાતિ નાયક ભગવાન બિરસા મુંડાના જીવન અને સંઘર્ષ વિશે માહિતી આપવામાં આવી. કાર્યક્રમના અંતે શ્રી ગૌતમ આર. ગામિત દ્વારા જનજાતિ સમાજના વીરો વિશે ટૂંકમાં માહિતી આપી આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન સેન્ટર ફોર ટ્રાયબલ સ્ટડીઝના નોડલ અધિકારી ડૉ. મનીષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના વહીવટી વિભાગના વડાશ્રીઓ, યુનિવર્સિટીના પ્રધ્યાપકો તથા વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે કોઈક આજે તમારો મૂડ બગાડી શકે છે પણ તેને લગતી હતાશાને તમારા પર સવાર થવા ન દો. આ વ્યર્થ ચિંતા તથા બેચેની તમારા શરીર પર વિપરિત અસર કરી તમને ત્વચાને લગતી તકલીફ આપી શકે છે. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમયમાં તકલીફ થયી શકે છે. આજના દિવસને ખાસ બનાવવા માટે તમારા પરિવાર સાથે સાંજે કૅન્ડલ લાઈટ ડીનર માણો. કેટલાક માટે લગ્નની શરણાઈના સૂર સંભળાય છે તો કેટલાકને રોમાન મળવાથી તેમનો જુસ્સો વધશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. ગ્રહ નક્ષત્રો ની સ્થિતિ આજ ના દિવસ માટે સારી નથી તેથી આજ ના દિવસે તમારે તમારા ધન ની ખાસ શુક્ક્ષ રાખવી જોઈએ? ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રોલ મૉડેલ બનાવવા માટે સખત મહેનત કરો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કૅલૅરી ધરાવતો ખોરાક ટાળવો. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. કેટલાક બાકી રહેલા મુદ્દા વધુ ઘેરા બનશે તથા ખર્ચનો મુદ્દો તમારા મગજમાં ઘુમરાયા કરશે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. રોમેન્ટિક ગૂંચવણ તમારી ખુશીમાં મસાલો ઉમેરશે. જે લોકો ના પરિવારજનો ની ફરિયાદ છે કે તેઓ પરિવાર ને પૂરતો સમય નથી આપતા.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે. આજે જો તમે ખરીદી માટે જશો તો તમે પોતાની માટે સારૂં ડ્રેસ મટિરિયલ ખરીદશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દૃઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તાણભર્યો સમય પ્રવર્તશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. રોમાન્સ માટે સારો દિવસ.



















### નાઈજીરિયાના રાષ્ટ્રપતિએ મોદીને સોંપી પાટનગરની ચાવી

# નાઈજીરિયાના રાષ્ટ્રપતિએ પીએમ મોદીનું કર્યું ઉષ્માભર્યું સ્વાગત

## મોદીને સોંપવામાં આવેલ આ ચાવી નાઇજીરીયાના લોકોનો વડાપ્રધાન પર જે વિશ્વાસ અને આદર છે તે દર્શાવે છે

। (એજન્સી) નાઈજીરિયા, તા.૧૭ ।

પીએમ મોદી ત્રણ દેશોના પ્રવાસના ભાગ રૂપે રવિવારે પહેલીવાર નાઈજીરિયા પહોંચ્યા છે. તેઓ બ્રાઝિલ અને ગુયાનાની પણ મુલાકાત લેશે. ભારત અને નાઈજીરિયાના સંબંધોને મજબૂત કરવા માટે આ મુલાકાત ખાસ માનવામાં આવી રહી છે. પીએમ મોદી છેલ્લા ૧૭ વર્ષમાં નાઈજીરિયાની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન છે.

અબુજા એરપોર્ટ પર નાઈજીરિયાના રાષ્ટ્રપતિ બોલા અહેમદ ટીનુબૂએ પીએમ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ સાથે જ તેમને વડપ્રધાન મોદીને અબુજા શહેરની કુંજી (ચાવી) અર્પણ કરી હતી. આ ચાવી નાઈજીરીયાના લોકોનો વડાપ્રધાન પર જે વિશ્વાસ અને આદર છે તે દર્શાવે છે.

પીએમ મોદીને આ ચાવી અર્પણ કરવી તે ભારતીય કૂટનીતિ માટે ઘણું મહત્ત્વ ધરાવે છે. આ કોઈ સામાન્ય ઘટના નથી, તે બંને દેશો વચ્ચેના સંબંધો અને 'વસુધૈવ કુટુંબકમ'ની વિચારધારા સાથે ભારતની કૂટનીતિ માટે મહત્ત્વપૂર્ણ છે.

પીએમ મોદીને નાઈજિરિયાની ચાવી સોંપવી એ નાઈજિરિયા માટે નવા દેશ સાથે ખૂબ જ ઊંડી મિત્રતાનું પ્રતીક છે. તેમજ આફ્રિકા સાથે ભારતના વધતા સંબંધો માટે એક નાનું પરંતુ શક્તિશાળી પગલું છે. નાઈજીરિયાની ચાવી સોંપવાની ઘટના દ્વારા આદર અને મિત્રતાના આ શાંત પ્રતીકે આશ્ચર્યજનક રીતે એક અલગ જ સંદેશ આપ્યો છે. જો કે, ચાવીઓ આપવી એ માત્ર ઔપચારિક સ્વાગત કરતાં ઘણું બધું છે. તે આફ્રિકન મહાદ્વીપ સાથે ભારતના સંબંધોમાં વધુ ઊંડો, વધુ વ્યૂહાત્મક પરિવર્તન દર્શાવે છે, જે સહયોગ, પરસ્પર વિકાસ અને સહિયારી આકાંક્ષાઓની પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે.

જેમ તમે વ્યક્તિગત રૂપે તમારા ઘરની ચાવી કોઈ મહેમાનને આપો છો, તો તેનો અર્થ એ છે કે મહેમાન ખૂબ જ વિશ્વાસપાત્ર અને આદરણીય છે. ફેડરલ કેપિટલ ટેરિટરી મિનિસ્ટર નાયસોમ એઝેનવો વિક દ્વારા પીએમ મોદીને સોંપવામાં આવેલી ચાવીનું પણ ઘણું મહત્ત્વ છે. જે નાઈજીરીયાનો ભારત માટે ખૂબ જ આદર દર્શાવે છે.

### ભાજપના મહિલા નેતા પર હુમલાનો પ્રયાસ

# મહારાષ્ટ્રમાં પ્રચાર માટે ગયેલા ભાજપ નેતાની સભામાં ખુરશી ઉછળી

## સ્ટાર પ્રચારક નવનીત રાણાએ પોલીસમાં કરી ફરિયાદ

। (એજન્સી) અમરાવતી, તા.૧૭ ।

મહારાષ્ટ્રમાં ચૂંટણી જંગ જામ્યો છે. મહારાષ્ટ્રના અમરાવતીમાં ભાજપના સ્ટાર પ્રચારક નવનીત રાણાની જાહેર સભામાં ભારે હોબાળો મચી ગયાની ઘટના સામે આવી છે. આ ઘટના શનિવારના રોજ બની હતી, જ્યારે અમરાવતી જિલ્લાના દરિયા પુર તાલુકાના ખલ્લરમાં નવનીત રાણાની સભામાં હંગામો થયો હતો. લોકો એકબીજા પર ખુરશીઓ ફેંકતા અને સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા. અરાજકતા વચ્ચે સુરક્ષાકર્મીઓએ નવનીત રાણાને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભાજપના સ્ટાર પ્રચારક અને પૂર્વ સાંસદ નવનીત રાણા શનિવારે (૧૭ નવેમ્બર) દરિયાપુરથી યુવા સ્વાભિમાન પાર્ટીના ઉમેદવાર માટે પ્રચાર કરી રહ્યા હતા. તેમના પ્રમોશન માટે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કેટલાક મુદ્દે ચર્ચા થઈ હતી, જેણે હોબાળાનું સ્વરૂપ લીધું હતું. આ પછી કાર્યકર્તાઓએ એકબીજા પર ખુરશીઓ ફેંકવાનું શરૂ કર્યું. તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

આ મામલે નવનીત રાણા વતી પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પૂર્વ



સાંસદ નવનીત રાણા તેમની રેલીમાં થયેલી હિંસાને જોતા તેમના સમર્થકો સાથે ખલ્લર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. તેમની ફરિયાદના આધારે પોલીસે કેસ નોંધ્યો છે અને કાર્યવાહી કરતી વખતે વાયરલ વીડિયોના આધારે આરોપીઓની ઓળખ કરવામાં આવી રહી છે. પોલીસ આ મામલે સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. શનિવારે સાંજે જ પોલીસે સ્થળ પર સુરક્ષા વધારી દીધી હતી, ત્યારબાદ શાંતિનો માહોલ સર્જાયો હતો. ઓક્ટોબર ૨૦૨૪ માં પૂર્વ સાંસદ નવનીત રાણાને એક પત્ર દ્વારા ધમકી મળી હતી, જેમાં તેમની પાસેથી ૧૦ કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. આ પત્ર તેમને સ્પીડ પોસ્ટ દ્વારા આવ્યો હતો, જેના પર આમિરનું નામ લખેલું હતું. આ પછી પૂર્વ સાંસદના અંગત સચિવે અમરાવતીના રાજાપેઠ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મહારાષ્ટ્ર ચૂંટણીમાં જમીન, ખેડૂત, ઉધોગ અને અનામતનો મુદ્દો ગરમાયો

। (એજન્સી) મુંબઈ, તા.૧૭ ।

તો મહારાષ્ટ્રના મહાસંગ્રામ જમીન, ખેડૂત, ઉદ્યોગ અને આરક્ષણનો મુદ્દો પર ગરમાયેલો છે. એક તરફ રાહુલ ગાંધીએ ખેડૂતોને નવા ત્રણ વાયદા કર્યા, સાથે જ ભાજપની સરકારને ઉદ્યોગપતિઓની સરકાર ગણાવી. બીજી તરફ અમિત શાહે મહારાષ્ટ્રમાં મુસ્લિમ આરક્ષણનો મુદ્દો ઉઠાવીને મહાવિકાસ આઘાડીને લલકારી. સાથે જ હેલિકોપ્ટરના ચેકિંગનો વીડિયો પોસ્ટ કરીને વિપક્ષનું મોઢું બંધ કરવાનો પ્રયાસ કર્યો. મહારાષ્ટ્રમાં ચાલતા રાજકીય મહાસંગ્રામને લઈને પુરજોશમાં પ્રચાર ચાલી રહ્યો છે. તમામ રાજકીય પક્ષના દિગ્ગજો ચૂંટણીમાં વિજય મેળવવા પૂર્ણ જોર લગાવી રહ્યા છે.

### ચીનની અવળચંડાઇ સામે જવાબ આપી શકશે સેના

# લેહથી પેંગોંગ સુધી ટનલ બનાવવાની તૈયારીમાં સરકાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૭ ।

કેન્દ્ર સરકાર દ્વારા લેહથી પેંગોંગને જોડતી ટનલ બનાવવામાં આવશે. આ ઉપરાંત કેન્દ્ર કેલા પાસ દ્વારા ૭-૮ કિલોમીટર લાંબી ટ્વીન ટ્યુબ ટનલ બનાવવાના વિકલ્પ પર પણ વિચાર કરી રહી છે. લદ્દાખના યુટી એડમિનિસ્ટ્રેશને કેન્દ્ર સરકારને તેનો પ્રસ્તાવ મૂક્યો છે. મહત્ત્વનું છે કે, લેહથી પેંગોંગ તળાવ સુધીની આ ટનલ દ્વારા મુસાફરો અને સેનાને સરળ પરિવહન સુવિધા મળી રહેશે. આ ઉપરાંત ખાસ વાત એ છે કે, આ ટનલના નિર્માણથી ભારતને વ્યૂહાત્મક રીતે ફાયદો થશે. ત્યારે ચીન હવે ભારત વિરુદ્ધ LAC પર કોઈપણ માધ્યમનો ઉપયોગ કરતા પહેલા ૧૦ વાર વિચારશે. માહિતી પ્રમાણે ગૃહ મંત્રાલયે એક અઠવાડિયે પહેલા આ મુદ્દે બેઠક યોજી છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. ૬,૦૦૦ કરોડનો ખર્ચ થવાની શક્યતા છે. તેમજ આ એક એક મુશ્કેલ અને ખૂબ મોટી કિંમતનો પ્રોજેક્ટ છે. અને ટૂંક સમયમાં જ તેના પર નિર્ણય લેવામાં આવશે. આ એક વ્યૂહાત્મક માર્ગ છે અને તે લેહથી પેંગોંગ સુધીના પ્રવાસ સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે. આ પ્રોજેક્ટ હજુ પ્રારંભિક તબક્કામાં છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન અથવા નેશનલ હાઈવેઝ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન આ વ્યૂહાત્મક ટનલનું નિર્માણ કરશે કે કેમ તે અંગે વિચારણા કરવામાં આવી રહી છે, જેથી તમામ હવામાનમાં કનેક્ટિવિટી પૂરી પાડી શકાય. કેલા પાસ દેશનો સૌથી ઊંચો મોટર વાહન પાસ છે. આ લેહને પેંગોંગ તળાવ સાથે જોડે છે. અને તે સમુદ્ર સપાટીથી ૧૮,૬૦૦ ફૂટ ઊંચાઈ પર છે. પ્રવાસન, આર્થિક પ્રવૃત્તિઓ અને સંરક્ષણ દળોની સરળ રીતે આવન-જાવન કરી શકે તે માટે કનેક્ટિવિટી સુધારવાના ઉદ્દેશ્ય સાથે, લદ્દાખ પ્રશાસને ૨૦૨૨ માં ખારદુંગ લા, ફોતુ લા, નામિકા લા અને કેલા ખાતે ચાર પાસ પર નવી ટનલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# ભારત દ્વારા હાઇપરસોનિક મિસાઇલનું સફળ પરીક્ષણ

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૧૭ ।

DRDO એ ઓડિશાના દરિયાકિનારે ડૉ એપીજે અબ્દુલ કલામ ટાપુ પરથી તેની લાંબા અંતરની હાઈપરસોનિક મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. જેની જાણકારી રક્ષા મંત્રી રાજનાથ સિંહ દ્વારા આપવામાં આવી હતી. આ હાઈપરસોનિક મિસાઈલને ભારતીય સશસ્ત્ર દળોની તમામ સેવાઓ માટે ૧૫૦૦ કિમીથી વધુની રેન્જમાં વિવિધ પેલોડ વહન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. મિસાઈલને વિવિધ ડોમેન્સમાં તૈનાત વિવિધ રેન્જ સિસ્ટમ્સ દ્વારા ટ્રેક કરવામાં આવી હતી. આ મિસાઈલને ડો. એપીજે અબ્દુલ કલામ મિસાઈલ કોમ્પ્લેક્સ, હૈદરાબાદની લેબ અને અન્ય વિવિધ DRDO લેબ અને ઉદ્યોગ ભાગીદારો દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે. DRDO અને સશસ્ત્ર દળોના વરિષ્ઠ વૈજ્ઞાનિકોની હાજરીમાં ટેસ્ટ કરવામાં આવ્યો હતો. DRDO દ્વારા આ અભૂતપૂર્વ સિદ્ધિ અદ્યતન હાઈપરસોનિક મિસાઈલ ટેક્નોલોજી ધરાવતા દેશોના પસંદગીના જૂથમાં ભારતની સ્થિતિને મજબૂત બનાવે છે. આ મિસાઈલ ભારતની વધતી જતી આત્મનિર્ભરતા અને 'મેક ઈન ઈન્ડિયા' પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. હાઈપરસોનિક મિસાઈલો ઉપરના વાતાવરણમાં ધ્વનિની ગતિ કરતાં પાંચ ગણી વધુ ઝડપે મુસાફરી કરે છે. આ રીતે તે લગભગ ૬,૨૦૦ કિમી પ્રતિ કલાક (3,850 mph)ની ઝડપ ધરાવે છે. તે ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ કરતાં ધીમી છે. જો કે, હાઈપરસોનિક ગ્લાઈડ વાહનનો આકાર તેને લક્ષ્ય તરફ આગળ વધવા દે છે. હાઈપરસોનિક મિસાઈલની વિશેષતા એ છે કે તે ૫ મેક એટલે કે ૬૧૭૪ કિમી/કલાકથી વધુ ઝડપે મુસાફરી કરવાની ક્ષમતા ધરાવે છે. આ મિસાઈલનું સફળ પરીક્ષણ અત્યાધુનિક સૈન્ય ટેક્નોલોજી, તેની વ્યૂહાત્મક પ્રતિરોધક ક્ષમતા અને રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત કરવામાં ભારતની વધતી જતી ક્ષમતાઓને દર્શાવે છે.

**ગુજરાત પોલીસનું મહત્વનું પગલું | બોપલ પોલીસકર્મીએ કરેલી હત્યા અને અન્ય પોલીસના વર્તન સામે ઉઠેલા સવાલ બાદ આ પગલું લેવાયું છે**

# પોલીસની વર્તણૂકમાં અસભ્યતા લાગે તો કરો ૧૪૪૪૯ નંબર પર ફરિયાદ

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ |

રાજ્યના નાગરિકોની સુવિધા માટે ગુજરાત પોલીસે એક મહત્વનું પગલું લીધુ છે. પોલીસની વર્તણૂકમાં જો અસભ્યતા જોવા મળે તો તેમની વર્તણૂક વિરુદ્ધ ફરિયાદ નોંધાવા માટે હેલ્પલાઈન નંબર અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને જાણકારી આપી છે. ગુજરાત પોલીસે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને લખ્યું છે કે આપની જાગૃતિ, રાખશે આપને સલામત! જો આપ પોલીસની વર્તણૂકમાં અસભ્યતા અનુભવતા હોવ તો ફરિયાદ માટે હેલ્પલાઈન નંબર ૧૪૪૪૯ પર સંપર્ક કરો અને સહાય મેળવો.' બોપલ પોલીસકર્મીએ કરેલી હત્યા અને અન્ય પોલીસના વર્તન સામે ઉઠેલા સવાલ બાદ આ પગલું લેવાયું છે. અત્રે જણાવવાનું કે ૧૦ નવેમ્બરે અમદાવાદના બોપલ વિસ્તારમાં બહુચર્ચિત માઈકાના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈન હત્યા મામલે ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આરોપી ગુજરાત પોલીસનો કોન્સ્ટેબલ છે.

બોપલ પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આરોપી વીરેન્દ્ર પઢેરિયા દારૂનો નશો કરીને ખીચડી લઈને પોતાના ઘરે જઈ રહ્યો હતો. ત્યારે આ આખો ઝગડો અને હત્યા નો બનાવ બનવા પામ્યો હતો. હત્યા કર્યા બાદ આરોપી વીરેન્દ્ર પઢેરિયા પોતાના ઘરે ગયો હતો અને આરામથી ખીચડી ખાધી હતી.

બાદમાં ફરી ઘટના સ્થળ પર જોવા માટે આવ્યો હતો. ઘટના સ્થળ પર કોઈ મળી ન આવતા ત્યાંથી બોપલ પોલીસ સ્ટેશન જોવા માટે ગયો હતો. ત્યાં પણ કોઈ દેખાયું ન હતું, તો ફરી પોતાના ઘરે જઈને ઊંઘી ગયો હતો. ૧૦ નવેમ્બરે બોપલના જે રસ્તા પર દાદાગીરી કરી અને ખાખીનો રૌફ જમાવીને એક નિર્દોષની હત્યા કરી નાખી એના બરાબર ૪ દિવસ બાદ એ જ શખ્સ બેચારો બનીને પોલીસના સકંજામાં હાથ જોડી રહ્યો છે. આ એ જ શખ્સ છે જેમણે અમદાવાદના બોપલમાં ૧૦ નવેમ્બરે કાર ધીમી ચલાવવાની ટકોર કરવા જેવી નજીવી બાબતે MICAના વિદ્યાર્થી પ્રિયાંશુ જૈનની છરીના ઘા મારીને હત્યા કરી નાખી હતી. આ કેસમાં પોલીસે ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું હતું, જેમાં છરીના ઘા મારનાર વિરેન્દ્ર લંગડાતો-લંગડાતો આવ્યો હતો. તેને હાથે દોરડા બાંધી લવાયો હતો. વિદ્યાર્થીએ ગાડી ધીમી ચલાવાનું કહેતા આરોપી કોન્સ્ટેબલે વાતને ઈગો પર લઈ પોતાની હેરિયર ગાડીનો યુ-ટન મારી બુલેટ લઈને પોતાની મિત્ર સાથે જતા પ્રિયાંશુની પાછળ ગયો. ત્યાં છરી મારી પ્રિયાંશુની હત્યા કરી નાખી હતી. આરોપી વિરેન્દ્રસિંહની ૧૩ નવેમ્બરે પંજાબના સંગરૂરથી ધરપકડ કરવામાં આવી.

વિરેન્દ્રસિંહ પઢિયાર અગાઉ વિવાદાસ્પદ પોલીસકર્મચારી રહી ચૂક્યો છે. તે સેટેલાઈટમાં હતો ત્યારે કોલ સેન્ટર મામલે સસ્પેન્ડ થયો હતો. ત્યાર બાદ તેને ફરીથી પોસ્ટિંગ નારોલ પોલીસ સ્ટેશનમાં મળી હતી. થોડા સમય પહેલાં તે સરખેજ પોલીસ સ્ટેશનમાં હાજર થયો હતો. હાલ તે સિક લિવ પર હતો અને ઘરેથી હરિયાણા-પંજાબ ફરવા જાઉં છું એમ કહીને ગયો હતો. હાલ અમદાવાદ જિલ્લામાં નોકરી કરી રહ્યો હોવાની વિગતો જાણવા મળી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદના ઈસનપુરમાં બે જૂથ વચ્ચે અથડામણ

| (એજન્સી) અમદાવાદ, તા.૧૭ |

રાજ્યમાં અવારનવાર જૂથ અથડામણની ઘટના સામે આવતી હોય છે. અમદાવાદમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠે તેવી ઘટના ફરી એક વાર બની છે. ઈસનપુરમાં જાહેર રસ્તા પર ૨ જૂથ વચ્ચે અથડામણ થયુ હતુ. નારોલ નજીકના રાધે કિશન બિઝનેસ પાર્ક પાસેનો આ વીડિયો હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. બાતમી મળતા જ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પરંતુ અસામાજીક તત્ત્વો પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયા હતા. પોલીસ લુખ્ખા તત્વોને પકડી ન શક્તા પણ સવાલો ઉઠ્યો છે. બીજી તરફ આ અગાઉ અમદાવાદના હીરાવાડી વિસ્તાર ખાતે આવેલી રાધે એપાર્ટમેન્ટની પાસે પાર્ક કરેલી પાંચ જેટલી પેસેન્જ અને લોડિંગ રીક્ષામાં અસામાજિક તત્વોએ તોડફોડ કરી હતી. ચાર દિવસથી સતત આવી ઘટના બનતી હોવાથી સ્થાનિકો પરેશાન છે. સ્થાનિકોનો પોલીસ પર નિષ્ક્રિયતાનો આરોપ છે. દારૂના નશામાં અસામાજીક તત્વો તોડફોડ કરે છે. લોકોને હેરાન કરે છે. પોલીસ ફરિયાદ છતાં પણ પરિણામ શુન્ય હોવાનો સ્થાનિકોનો બળાપો છે.

### લગ્ન પ્રસંગમાં દાંડીયા રમતાં-રમતાં યુવાનને આવ્યો હાર્ટ એટેક

| (એજન્સી) અમરેલી, તા.૧૭ |

કહેવાય છે કે ને મોતનો કોઈ સમય નથી હોતા, જીવવું અને મરવું ઉપરવાળાના હાથમાં છે. આજે રાજ્યમાં વધુ એક હાર્ટ એટેકના કિસ્સાથી ચકચાર મચી ગઈ છે. તાજા માહિતી પ્રમાણે, અમરેલીના રાજુલામાં ૨૪ વર્ષીય યુવાન લગ્ન પ્રસંગમાં દાંડી રમતા રમતા ઢળી પડ્યો અને તેનું હાર્ટ એટેકથી મોત નીપજ્યુ હતુ. અમરેલી જિલ્લામાં વધુ એક હાર્ટ એટેકની ઘટનાથી ખળભળાટ મચી ગયો છે. આ વખતે પણ એક યુવાએ હાર્ટ એટેકથી જીવ ગુમાવ્યો છે. રાજુલામાં એક લગ્ન પ્રસંગ ચાલી રહ્યો હતો, આ દરમિયાન મહેમાનો દાંડીયા રાસ રમી રહ્યાં હતા. દાંડીયા રમતા રમતા ૨૪ વર્ષીય યુવાન અચાનક ઢળી પડ્યો હતો, જેનું હાર્ટ એટેકથી મોત થઈ ગયુ હતુ. માહિતી પ્રમાણે, મૃતક યુવાનનું નામ પાવન પટેલ છે અને અમદાવાદમાં એન્જિનીયરિંગનો અભ્યાસ કરી રહ્યો હતો. અચાનક લગ્ન પ્રસંગમાં યુવાનનું મોત નીપજતાં પ્રસંગમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ. અમેરિકન હાર્ટ અસોશિએશને લોકોને હૃદય રોગથી બચવા માટે આહાર અને જીવનશૈલીમાં સુધાર લાવવા પર ભાર મૂક્યો છે.

**ખ્યાતિ હોસ્પિટલનો વધુ એક કાંડ | ખ્યાતિ હોસ્પિટલના માલિકોએ અનેક લોકોના ભોગ લીધા**

# રૂપાલમાં પણ એન્જીયોગ્રાફીના નામે ત્રણ લોકોના જીવ લીધા

| (માહિતી) અમદાવાદ, તા.૧૭ |

ખ્યાતિ હોસ્પિટલની પોલ હવે ધીમેધીમે ખુલી રહી છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલનો વધુ એક કાંડ સામે આવ્યો છે. હવે લોકો ખુલીને ખ્યાતિના પાપનો પર્દાફાશ કરી રહ્યા છે. ખ્યાતિ હોસ્પિટલના માલિકોએ અનેક લોકોના ભોગ લીધા છે. ધોળકાના રૂપાલ ગામમાં પણ એન્જીયોગ્રાફીના નામે ત્રણ લોકોના જીવ લીધાનું સામે આવ્યું છે. વિગતો જાણીને તમારા હોશ ઉડી જશે.

મળતી માહિતી મુજબ ધોળકાના રૂપાલ ગામમાં પણ ખ્યાતિ હોસ્પિટલનો મોટો કાંડ સામે આવ્યો છે. દોઢ વર્ષ પહેલા ફ્રી હેલ્થ કેમ્પના નામે આ કૌભાંડ કર્યું. ધોળકાના રૂપાલ ગામમાં પણ એન્જીયોગ્રાફીના નામે ત્રણ લોકોના જીવ ગયા. પીડિત લોકો પગના દુઃખાવાની સમસ્યા માટે ગયેલા જેમને કોઈ જ સમસ્યા ન હોવા છતાં સ્ટેન્ટ મૂકી દીધા. સ્ટેન્ટ મૂક્યા બાદ દર્દીઓને સમસ્યા વધી ગઈ હતી. આવું તે કઈ હોય. હૃદયની કોઈ સમસ્યા ન હોય છ તાં સ્ટેન્ટ મૂકી દે? PMJAY કાર્ડ માંથી ૧ લાખ ૨૮ હજાર રૂપિયા કપાઈ ગયા. રૂપાલના મહોમ્મદ ડોસાનું સારવાર દરમિયાન મોત થયું હતું. ઢીંચણમા દુખાવાની સમસ્યા છતાં સ્ટેન્ટ મુક્યા. ઓપરેશન બાદ છ થી સાત દિવસમાં મોત થયુ. મફત સારવારના નામે નિર્દોષ લોકોના જીવ લીધા.

અત્રે જણાવવાનું કે અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલકાંડમાં એક પછી એક ઘટસ્ફોટ થઈ રહ્યા છે. ત્યારે ખ્યાતિ હોસ્પિટલે કડીનાં ૯ ગામોમાં મેડિકલ કેમ્પ કર્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. રાજકોટ, સાણંદ, સુરેન્દ્રનગર અને અમદાવાદના કુલ ૮ લોકોનાં મોત થયા છે. શેતાન ડૉક્ટરો પૈસા માટે ખોટાં ઓપરેશન કરાવતા હોવાનો ખુલાસો થયો છે. અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલ કાંડ થયા પછી મહેસાણા આરોગ્ય વિભાગ સક્રિય થયું છે. ખુદ આરોગ્ય અધિકારી કડી તાલુકાના ગામડાઓ ફરી તપાસ કરી રહ્યા હોવાની વાત સામે આવી છે. આરોગ્ય વિભાગની તપાસ બાદ ચોંકાવનારી વિગત સામે આવી છે. ખ્યાતિ હોસ્પિટલે અત્યાર સુધી કડી તાલુકાને ટાર્ગેટ બનાવ્યું હતું. ખ્યાતિ હોસ્પિટલે અત્યાર સુધી કડી તાલુકાના ૯ ગામોમાં કેમ્પ કર્યા હોવાનો ખુલાસો થયો છે. અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલે બોરીસણા, ખાવડ, ડરણ, વાઘરોડા, કોલાદ, લક્ષ્મીપુરા, ખંડેરાવપુરા, કાણજરી અને વિનાયકપુરામાં મેડિકલ કેમ્પો કર્યા હોવાની માહિતી સામે આવી છે. અત્યાર સુધી ખ્યાતિ હોસ્પિટલની બેદરકારીના કારણે ટોટલ ૮ લોકોના મોત થયા છે. જેમાં બોરીસાણામાં ૨, વિનાયકપુરામાં ૧, વાઘરોડામાં ૧ અને ખાવડમાં ૧ મોત થયા હોવાના આંકડા સામે આવ્યા છે.

# પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાયમાં અંતે વધારો કરાયો

**સહાયમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે ૧૩૯૮૨ ખેડૂતોને સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી અપાઈ**

| (એજન્સી) ગાંધીનગર, તા.૧૭ |

રાજ્યના ખેડૂતોને તેમની ખેતપેદાશોના બજારમાં સારા ભાવ મળે તે માટે ખેતપેદાશોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાય અને બજારમાં જ્યારે પાકના સારા ભાવ હોય ત્યારે જ ખેત પેદાશોનું વેચાણ થાય તે ખૂબ જ જરૂરી છે. પરંતુ અનેક ખેડૂતો પાસે કાપણી પછી ખેતપેદાશોને લાંબા સમય સુધી સંગ્રહ કરવા માટે કોઈ યોગ્ય સુવિધા ઉપલબ્ધ ન હતી. પરિણામે કુદરતી આફતો અને ઓછા બજાર ભાવના કારણે ખેડૂતોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવતો હતો. ગુજરાતના ખેડૂતોની આ વ્યથા સમજીને રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧-૨૨માં નવી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકી હતી. જેની સહાયમાં રાજ્ય સરકાર દ્વારા નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ યોજના અંગે વાત કરતા કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને પોતાના ખેતરમાં જ સંગ્રહસ્થાન ઉભું કરવા માટે પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકાઈ હતી. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછુ ૩૩૦ ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અગાઉ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ.૭૫૦૦૦ સહાય આપવામાં આવતી હતી. ખેડૂતોને વધુમાં વધુ સહાય મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ચાલુ વર્ષે સહાયની રકમમાં વધારો કર્યો છે. હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ.૧ લાખ બંને માંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રાજ્યના ૩૬૬૦૦થી વધુ ખેડૂતોને સંગ્રહસ્થાન ઉભું કરવા માટે રૂ.૧૮૪.૨૭ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. સહાયની રકમમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે આ યોજના હેઠળ રાજ્યભરના કુલ ૧૩૯૮૨ ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખેડૂતો આ યોજનાનો લાભ મેળવીને પોતાની ખેત પેદાશોને આશરે ૧૬ થી ૧૭ મેટ્રિક ટન જેટલી સંગ્રહ ક્ષમતા ધરાવતા ૩૩૦ ચોરસ ફૂટના આ સ્ટ્રક્ચરમાં લાંબા સમય સુધી વરસાદ, વાવાઝોડું, તીડ અને ચોરી જેવી આકસ્મિક આફતો સામે સુરક્ષિત રાખી શકશે.

# સફેદ રણ, ધોરડો રણ અને રોડ ટુ હેવન વિસ્તાર "પ્લાસ્ટિક ફ્રી ઝોન" જાહેર

**પ્રવાસીઓ દ્વારા પ્રવાસ દરમિયાન પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ જેવો કચરો ફેંકવામાં ન આવે તે માટે પ્રતિબંધ**

| (એજન્સી) ભુજ, તા.૧૭ |

કચ્છમાં ભૌગોલિક વૈવિધ્યનો ઉત્તમ ખજાનો જોવા મળે છે જેના લીધે કચ્છ જિલ્લો પ્રવાસનની દ્રષ્ટીએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્ય સરકારના સહયોગથી ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

ધોરડો ખાતે રણ ઉત્સવની મુલાકાત લેતા પ્રવાસીઓ ખડીર વિસ્તારમાં આવેલા સફેદ રણમાંથી પસાર થતો રસ્તો કે જે "રોડ ટુ હેવન" (NH-754k નો ભાગ) ના નામે પણ ઓળખાય છે તેની પણ મુલાકાત લે છે. સફેદ રણ વિસ્તાર, રોડ ટુ હેવનનો વિસ્તાર તેમજ ધોરડો રણ ઉત્સવનો વિસ્તાર પર્યાવરણીય દ્રષ્ટીએ સંવેદનશીલ છે. પ્રવાસીઓ દ્વારા પ્રવાસ દરમિયાન પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જેવો કચરો સફેદ રણ વિસ્તારમાં, રોડ ટુ હેવન વિસ્તારમાં અને તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં ફેંકવામાં ન આવે તે માટે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે અને આ સ્થળોના સૌંદર્ય, સ્વચ્છતા અને પ ર્યાવરણીય પરિસ્થિતિ જાળવવા માટે તેને "Plastic Free Zone" જાહેર કરવા જરૂરી જણાય છે. કચ્છના જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડીને કચ્છ જિલ્લાની હદમાં આવેલા ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો ૨ (બે)-૨ (બે) કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને "રોડ ટુ હેવન" (NH-754kનો કાઢવાંઢ તા.ભુજથી ધોળાવીરા ગામ એન્ટ્રી પોઈન્ટ સુધીનો રસ્તો અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં) વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જાહેરમાં નાખવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુક્યો છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું તા.૧૫/૧૧/૨૪થી તા.૧૩/૦૧/૨૫ સુધી અમલમાં રહેશે.

# પાટણના ધારપુરની મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીનું મોત

| (માહિતી) પાટણ, તા.૧૭ |

ભારતમાં રેગિંગ વિરોધી કડક કાયદા હોવા છતાં કેટલીક સંસ્થાઓમાં તેનું પાલન નથી થતું અને સિનિયરોના ત્રાસથી જુનિયરોની હાલત ખરાબ થઈ જાય છે. શનિવારે રાતે પાટણ-ઊંઝા રોડ પર આવેલી ધારપુર મેડિકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરતા એક સ્ટુડન્ટ અનિલ મેથાણીયાનું શંકાસ્પદ સ્થિતિમાં મોત થયું છે. આ વિદ્યાર્થીને સિનિયરો દ્વારા રેગિંગ કરવામાં આવ્યું હોવાનો આરોપ છે. એવું પણ જાણવા મળે છે કે કેટલાક સ્ટુડન્ટે તેને ત્રણ કલાક સુધી ઉભો રખાવીને પરેશાન કર્યો હતો જેના કારણે સ્ટુન્ડ ઢળી પડ્યો હતો. મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થી અચાનક બેભાન થયા બાદ મૃત્યુ પામ્યો છે તેવી જાણ થતા પોલીસ કોલેજમાં દોડી આવી હતી. અનિલ મેથાણીયાનું મોત રેગિંગના કારણે થયું છે કે બીજું કોઈ કારણ છે તે પોસ્ટમોર્ટમ પછી ખબર પડશે. અનિલ મેથાણીયા મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકાના જેસડા ગામનો વતની છે. એક મહિના પહેલાં જ તે ધાનપુર મેડિકલ કોલેજમાં આવ્યો હતો. તેના પરિવારનું કહેવું છે કે એક મહિના પહેલાં જ ધારપુર મેડિકલ કોલેજમાં સ્મ્મ્જીના પ્રથમ વર્ષમાં અભ્યાસ માટે અનિલને મુક્યો હતો. ગઈકાલે કોલેજમાંથી ફોન આવ્યો કે, તમારો છોકરો પડી ગયો છે અને સારવાર માટે દાખલ કર્યો છે. અનિલના મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો છે.

**વિદ્યાર્થીઓ ઘરેથી જે ગરમ કપડાં પહેરીને આવે તેને માન્ય રાખવા**

# શિયાળાની શરૂઆત થતા DEO દ્વારા શાળાઓને સૂચના આપવામાં આવી

**વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનાં ગરમ કપડા પહેરવા દબાણ ન કરવા શાળાઓને સૂચન કરવામાં આવ્યું છે**

| (માહિતી) અમદાવાદ, તા.૧૭ |

અમદાવાદમાં શિયાળાની શરૂઆત થતા DEO દ્વારા શાળાઓને સૂચના આપવામાં આવી છે. જેમાં ગરમ કપડા અંગે ઢ્ઈ એ તમામ શાળાઓને પરિપત્ર કર્યો છે. વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારનાં ગરમ કપડા પહેરવા દબાણ ન કરવા શાળાઓને સૂચન કરવામાં આવ્યું છે.તેમજ ગણવેશનાં સ્વેટર પણ ચોક્કસ દુકાનથી ખરીદવા શાળાઓ દબાણ નહી કરી શકે. વિદ્યાર્થીઓ ઘરેથી જે ગરમ કપડાં પહેરીને આવે તેને માન્ય રાખવા DEO દ્વારા આદેશ કરવામાં આવ્યો છે. તેમજ ગરમ કપડાં અંગે વિદ્યાર્થીઓને હેરાન કરનાર શાળાઓ સામે કડક પગલાં લેવાનો પરિપત્રમાં ઉલ્લેખ કર્યો છે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી કરી છે કે, રાજ્યમાં આગામી ૧૭ નવેમ્બરથી ઠંડીનું પ્રમાણ વધશે. દેશના ઉત્તર ભારતીય પ્રદેશમાં પણ તાપમાનમાં ઘટાડો થશે તેવી શક્યતા છે. રાજ્યમાં તાપમાન ૧૬ ડિગ્રી સુધી પહોંચે તેવી શકયતા છે. ઉત્તર ગુજરાતમાં ઠંડીની અસર જોવા મળી શકે છે. મહત્તમ તાપમાનમાં ઘટાડો ન થાય ત્યાં સુધી રવિપાક માટે સ્થિતિ સારી ગણાય નહી તેમ જણાવ્યું હતું





